RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 177* Date: 25.04.2022 Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### જમ્મુ-કાશ્મીરના યુવાનોને વડાપ્રધાનનું વચન

## તમારા દાદા-દાદીને જે મુશ્કેલીઓ સાથે જીવવું પડ્યું એવું તમને જીવવા નહીં દઉં : વડાપ્રધાન



શ્રીનગર,તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે જમ્મુ-કાશ્મીરની મુલાકાતે પહોંચ્યા હતાં અહીં સાંબામાં પીએમ મોદીએ મંચ પર પહોંચીને હાથ જોડીને લોકોનું અભિવાદન કર્યું હતું. વડાપ્રધાન મોદીએ સાંબામાં એક પ્રદર્શનનું નિરીક્ષણ કર્યું હતું. અહીં વડાપ્રધાને રૂપિયા ૨૦,૦૦૦ કરોડથી વધુના વિકાસ કાર્યોનો શિલાન્યાસ અને ઉદ્‌ઘાટન કર્યું છે. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન પાઠવ્યા હતા.વડાપ્રધાને દિલ્હી-કટરા એક્સપ્રેસ વેનો શિલાન્યાસ કર્યો, રતલે હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટ (૮૫૦ મેગાવોટ)નું ઉદ્‌ઘાટન કર્યું. આ સાથે જ ક્વાર હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટ (૫૪૦ મેગાવોટ) નો શિલાન્યાસ પણ કર્યો છે.

અહીં એક જનસભાને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, ન તો આ જગ્યા મારા માટે નવી છે અને ન તો હું તમારા માટે નવો છું. મારા માટે ખુશીની વાત છે કે આજે કનેક્ટિવિટી અને વીજળી સંબંધિત ૨૦ હજાર કરોડ રૂપિયાનો પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

જમ્મુ-કાશ્મીરના વિકાસને નવી ગતિ આપવા માટે રાજ્યમાં ઝડપથી કામ ચાલી રહ્યું છે. આ પ્રયાસોને કારણે મોટી સંખ્યામાં જમ્મુ-કાશ્મીરના યુવાનોને રોજગારી મળશે. આજે ઘણા પરિવારોને ગામડાઓમાં તેમના ઘરના પ્રોપર્ટી કાર્ડ પણ મળી ગયા છે. આ માલિકી કાર્ડ ગામડાઓમાં નવી શક્યતાઓને પ્રેરણા આપશે.

જમ્મુ અને કાશ્મીરમાં પંચાયત દિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાંબા જિલ્લાની પલ્લી પંચાયતમાં લોકોને સંબોધન કરી રહ્યા છે. આ દરમિયાન મોદીએ કહ્યું કે આ જગ્યા મારા માટે નવી નથી. તેમણે કહ્યું કે જમ્મુ-કાશ્મીરના વિકાસને ગતિ આપવા માટે ઝડપથી કામ ચાલી રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આઝાદીના ૭ દાયકામાં જમ્મુ-કાશ્મીરમાં માત્ર ૧૭ હજાર કરોડ રૂપિયાનું ખાનગી રોકાણ થઈ શક્યું. છેલ્લા બે વર્ષમાં આ આંકડો ૩૮ હજાર કરોડ સુધી પહોંચી ગયો છે. પીએમએ કહ્યું કે જમ્મુ-કાશ્મીર વિકાસનો નવો અધ્યાય લખી રહ્યું છે. બાબાસાહેબ આંબેડકરનું સપનું અમે સાકાર કર્યું છે. તેમણે કહ્યું કે જમ્મુ-કાશ્મીરના યુવાનોને રોજગારની તકો મળશે.વડાપ્રધાને કહ્યું કે જો સરકારી ફાઇલ દિલ્હીથી નીકળતી હતી તો અહીં પહોંચતા તેને ૨-૩ દિવસ અઠવાડિયા લાગતા હતા.

પીએમ મોદીએ કહ્યું કે હું તમને ખાતરી આપું છું કે તમારા દાદા-દાદીને જે મુશ્કેલી સાથે જીવવું પડ્યું તેવું જીવન તમને અને તમારા બાળકોને જીવવા નહીં દઉં', મારી વાત પર વિશ્વાસ કરો. મોદીએ કહ્યું- ૨૦૨૦ સુધીમાં દેશને કાર્બન ન્યુટ્રલ બનાવવાનો સંકલ્પ છે. જમ્મુ-કાશ્મીરે આ દિશામાં મોટી પહેલ કરી છે. ભારત ગ્લાસગોના સંકલ્પને જમ્મુ અને કાશ્મીરની નાની પંચાયત પલ્લીમાં લાગુ કરવામાં આવી છે. તે પ્રથમ કાર્બન ન્યુટ્રલ પંચાયત તરફ આગળ વધી રહી છે. આ મહાન સિદ્ધિ અને વિકાસના આ કાર્ય માટે જમ્મુ-કાશ્મીરના લોકોને અભિનંદન પાઠવું છું.

જમ્મુ અને કાશ્મીરમાં પીએમએ કહ્યું કે કેન્દ્રનું લક્ષ્ય પંચાયતોને વધુ સત્તા આપવાનું અને સશક્તિકરણ કરવાનું છે. તેમણે કહ્યું, 'પંચાયતી રાજ વ્યવસ્થામાં બહેનોની ભાગીદારી વધારવા પર પણ અમારી સરકાર ઘણો ભાર મૂકે છે.

પીએમ મોદીએ કહ્યું કે જ્યારે ગુજરાતમાં પાણીની વ્યવસ્થા મહિલાઓને સોંપવામાં આવી ત્યારે અમે વધુ સારા પરિણામો જોયા હતા. તેમણે કહ્યું કે ગામમાં દરેક સ્તરે બહેનો અને દીકરીઓએ સહભાગિતા વધારવી પડશે. તેમણે કહ્યું કે પંચાયતોના સંસાધનોનો ઉપયોગ કરવાના પ્રયાસો કરવા જોઈએ. તેમણે કહ્યું કે આનાથી આવકની શક્યતાઓ વધશે. બાયો સીએનજી, બાયો ફર્ટિલાઇઝર પણ લગાવી શકાય છે. તેનાથી ગામની આવકમાં વધારો થશે. આ માટે કચરાનું યોગ્ય વ્યવસ્થાપન પણ જરૂરી છે. આ સાથે એમ પણ કહ્યું કે ઘરેથી જ ભીનો અને સૂકો કચરો અલગ કરો.

જમ્મુ-કાશ્મીરના સાંબામાં આયોજિત કાર્યક્રમમાં જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ કહ્યું કે ઉદ્યોગોમાં સુવર્ણ યુગ શરૂ થયો છે. તેમણે વધુમાં કહ્યું કે આઝાદીના એક વર્ષ પહેલા સુધી ૧૫ હજાર કરોડનું રોકાણ આવ્યું હતું. પરંતુ આજે અમારી પાસે ૫૫૧૫૫ કરોડના રોકાણનાં પ્રસ્તાવ છે.

પીએમ મોદી રૂ. ૩૮,૦૮૨ કરોડના ઔદ્યોગિક વિકાસ પ્રસ્તાવોનો શિલાન્યાસ કર્યો છે. આ દરમિયાન પીએમ ૨ હાઈડ્રો પાવર પ્રોજેક્ટનો પણ શિલાન્યાસ કર્યો છે અને સાથે સાથે જમ્મુ-શ્રીનગર ટનલનું પણ ઉદ્‌ઘાટન કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે જમ્મુ-કાશ્મીરની મુલાકાતે છે. તેઓ જમ્મુના સાંબા જિલ્લામાં યોજાનાર પંચાયતી રાજ દિવસના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો.તેઓ દેશભરની ગ્રામસભાઓને પણ સંબોધન કર્યું હતું.

## દિલ્હીમાં કોરોનાથી નહીં પણ ૭૦ ટકા મૃત્યુ અન્ય કારણોસર થયા : ડેથ ઓડિટ કમિટીના અહેવાલ

નવીદિલ્હી,તા.૨૪

કોરોનાકાળ દેશ અને દુનિયા માટે ભયાનક રહ્યો છે. તેમાંય રાજધાની દિલ્હીની સ્થિતિ તો અત્યંત નાજુક હતી. એક સમયે દિવસના હજારો લોકોના મોત થતાં ત્યારે હાલમાં કોરોના થી થયેલા મોત અંગે એક નવો જ ખુલાસો સામે આવ્યો છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, દિલ્હીમાં મોટાભાગના મૃત્યુ પાછળ કોરોના માત્ર એક સંયોગ હતો. ડેથ ઓડિટ કમિટીના અહેવાલ મુજબ, જ્યારે રાજધાનીની હોસ્પિટલોમાં મૃત્યુ પામેલા લોકોના તબીબી દસ્તાવેજોની સમીક્ષા કરવામાં આવી, ત્યારે જાણવા મળ્યું કે બહુ ઓછા લોકોના મૃત્યુનું મુખ્ય કારણ કોરોના ના સંક્રમણના કારણે થાય છે. મોટાભાગના મૃતકો પાછળ કોરોના સંક્રમણ એક માત્ર સંયોગ રહ્યો છે. ઘાયલોના પણ અલગ-અલગ અકસ્માતમાં મોત થયા હતા, જેમાંથી કેટલાક કોરોના સંક્રમિત હતા.

રિપોર્ટ અનુસાર આ વર્ષે જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૯૦૦થી વધુ લોકોના મોત થયા છે. આમાંથી લગભગ એક ચતુર્થાંશ મૃત્યુ પાછળનું એક કારણ કોરોના સંક્રમણ હતું, પરંતુ ૭૦ ટકા મૃત્યુ અન્ય કોઈ કારણથી થયા હતા. ઉપરાંત પાંચ ટકાને અન્ય કેટેગરીમાં રાખવામાં આવ્યા હતા. આંકડા દર્શાવે છે કે જાન્યુઆરીથી ૧૮ એપ્રિલની દરમિયાન દિલ્હીમાં કુલ ૯૦૫ લોકોના મોત થયા છે. તેમાંથી ૨૨૭ મૃત્યુ કોરોના ચેપને કારણે થયા હતા. જ્યારે બાકીના ૬૮૧ મૃત્યુમાં કોરોના સંક્રમણ મુખ્ય કારણ નહોતું.

આ બાબતે સમિતિના સભ્ય અને દિલ્હી સરકારના એક વરિષ્ઠ ડૉક્ટરે જણાવ્યું કે, વર્ષ ૨૦૨૦માં કોરોના સંક્રમણથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા અને વાસ્તવિકતા જાણવા માટે ડેથ ઓડિટ કમિટીની રચના કરવામાં આવી હતી. આ કમિટી તમામ ખાનગી અને સરકારી હોસ્પિટલોમાંથી માહિતી એકઠી કરે છે અને પછી તેમના મેડિકલ પેપરની સમીક્ષાના આધારે નક્કી કરવામાં આવે છે કે આ મૃત્યુની પાછળ કોરોના સંક્રમણ જવાબદાર છે કે નહીં. તેમણે કહ્યું કે વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧માં સ્થિતિ અલગ હતી પરંતુ આ વર્ષે સ્થિતિ જુદી જોવા મળે છે.

હોસ્પિટલોમાં મૃત્યુ પામેલા લોકોમાં કોરોના માત્ર એક સંયોગ તરીકે દેખાઈ રહ્યો છે. તબીબી આધાર પર, જે લોકોના મૃત્યુ થયા છે તેમાં તમામ કોરોનાથી જ થયા હોય તેવું નથી. સમિતિના જણાવ્યા અનુસાર આ વર્ષે ૧૩ જાન્યુઆરીથી ૩ ફેબ્રુઆરી વચ્ચે ૬૯૧ લોકોના મોત થયા છે. તેમાંથી ૧૫૨ મોતનો સીધો સંબંધ કોરોના સંક્રમણ સાથે છે, પરંતુ ૫૩૦ લોકોના મોતમાં કોરોના મુખ્ય કારણ નથી. આ સમયગાળા દરમિયાન આવા નવ મૃત્યુ પણ નોંધાયા હતા, જેમને ટ્રોમા સર્વિસ માટે દાખલ કરવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં ઘાયલ થયેલા, આગમાં દાઝેલા વગેરેના મામલા સાથે સંબંધિત છે. તેમાંથી નવ કેસ એવા હતા કે જેઓ પણ કોરોના સંક્રમિત હતા. તેમના મૃત્યુ પાછળ કોરોના કારણ નહોતું. એ જ રીતે, ૪ ફેબ્રુઆરીથી ૧૮ એપ્રિલની વચ્ચે ૨૧૪ લોકો મૃત્યુ પામ્યા. જેમાંથી ૧૩૯ મૃત્યુ પાછળ કોરોના એક સંયોગ માત્ર હતો. જ્યારે ૭૫ મૃત્યુમાં સંક્રમણ મુખ્ય કારણ બન્યું.

## ચારધામની યાત્રા કરનારા તમામ લોકોનું વેરિફિકેશન કરવાના મુખ્યમંત્રીએ આદેશ જારી કર્યા



દહેરાદુન,તા.૨૪

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું છે કે ચારધામ યાત્રા પર આવનારા લોકોને વેરિફિકેશન કરવામાં આવશે આ સાથે જ રાજયમાં અસામાજિક તત્વોના વેરિફિકેશન માટે એક અભિયાન ચલાવવામાં આવશે જેથી વાતાવરણ ખરાબ ન થાય ચાર ધામ યાત્રા દરમિયાન લોકોના વેરિફિકેશનન બાબતમાં બોલતા પુષ્કર સિંહ ધામીએ કહ્યું કે અમારો પ્રદેશ શાંત પ્રદેશ છે અને સરકાર ચારધામ યાત્રાનો લઇ તૈયાર છે.મુખ્યમંત્રીએ કહ્યું કે ધર્મ અને સંસ્કૃતિની રક્ષા કરવી સરકારની જવાબદારી છે તેમણે કહ્યું કે બહારથી ચાર ધામ યાત્રા પર ઉત્તરાખંડ આવનારા લોકોને યોગ્ય સત્યાપનથી પસાર થવું પડશે.જેથી શાંતિ માટે ખતરો પેદા કરનારા રાજયમાં પ્રવેશી શકે નહીં.

મુખ્યમંત્રીએ કહ્યું કે ચારધામ યાત્રા દરમિયાનિ પ્રદેશમાં એવા કોઇ પણ વ્યક્તિને પ્રવેશ થવો જોઇએ નહીં જે અમારી ધાર્મિક આસ્થાને ઠેંસ પહોંચાડે મુખ્યમંત્રીએ કહ્યું કે અમે આ જોવા માટે એક અભિયાન ચાલવીશું કે બહારથી તીર્થયાત્રા માટે આવનારાઓનું યોગ્ય સત્યાપન થાય અને જેમની પાસે આ નથી તે પોતાનું સત્યાપન કરાવે.મુખ્યમંત્રી ધામીએ કાયદો વ્યવસ્થાને લઇને પણ સખ્ત નિર્દેશ જારી કર્યા છે મુખ્યમંત્રીએ કહ્યું કે ઉત્તરાખંડ ધર્મ અને સંસ્કૃતિનું કેન્દ્ર છે અહીં અતિક્રમણ માટે કોઇ સ્થાન નથી સરકારી ભૂમિ પર કબજો કરનારાઓ માટે કોઇ સ્થાન નથી ધાર્મિક ઉન્માદ ફેલાવવા અને તોફાનો કરનારા માટે કોઇ સ્થાન નથી આવા મામલાની સખ્તાઇથી તપાસ થશે અને લોકો પર કાર્યવાહી કરવામાં આવશે

## અમિત શાહ દિલ્હીને કોમી રમખાણોથી બચાવવામાં નિષ્ફળ રહ્યા : શરદ પવાર

મુંબઇ,તા.૨૪

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના ચીફ શરદ પવારએ મોદી સરકાર પર નિશાન સાધતા કહ્યુ કે રાજકારણમાં હાર-જીત થતી રહે છે પરંતુ સત્તાને દિમાગમાં લેવી જોઈએ નહીં. તેમણે કહ્યુ કે ભાજપ કાર્યકર્તાઓને સંકુચિત વિચાર દેશહિતના નથી. પવારએ ગૃહ મંત્રી અમિત શાહ પર પણ નિશાન સાધ્યુ. તેમણે કહ્યુ કે કેન્દ્રની તપાસ એજન્સી સીબીઆઈ અને ઈડીની કાર્યવાહીનો ડર બતાવીને જનપ્રતિનિધિઓને ધમકાવે છે પરંતુ એનસીપી પાર્ટીના નેતા અને કાર્યકર્તા આ કાર્યવાહીઓનો આકરો જવાબ આપશે.

શરદ પવારએ કહ્યુ કે મે ઈન્દિરા, રાજીવ, નરસિમ્હા રાવ, મનમોહનનુ કાર્યાલય જોયુ છે જ્યારે અન્ય દેશના નેતા ભારત આવતા હતા તો તેઓ દિલ્હી, હૈદરાબાદ, કલકત્તા જતા હતા પરંતુ હવે સ્થિતિ બદલાઈ ગઈ છે. હવે કોઈ અન્ય દેશના નેતા આવે છે તો તેઓ ભારત આવે છે પરંતુ ગુજરાત જાય છે. પવારએ કહ્યુ, મને ખુશી છેકે આંતરરાષ્ટ્રીય નેતા ગુજરાતનો પ્રવાસ કરી રહ્યા છે પરંતુ તે ભલે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હોય, ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ હોય કે યુકેના વડાપ્રધાન બોરિસ જોનસન હોય, તમામને ગુજરાત લઈ જવાય છે. કોઈ અન્ય સ્થળે નહીં. આ દર્શાવે છે કે દિલ્હીના શાસક અન્ય રાજ્ય વિશે શુ વિચારે છે. શનિવારે કોલ્હાપુરના તપોવન મેદાનમાં એનસીપી પરિવાર સંવાદ સંકલ્પ સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમમાં હાજર શરદ પવારએ આ વાત કહી. શરદ પવારએ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પર પણ નિશાન સાધ્યુ અને કહ્યુ કે દેશની રાજધાની દિલ્હીને સાંપ્રદાયિક હુલ્લડથી બચાવવામાં તેઓ નિષ્ફળ રહ્યા છે. આ મહિનાની શરૂઆતમાં હનુમાન જયંતીના જુલૂસ દરમિયાન દિલ્હીના જહાંગીરપુરી વિસ્તારમાં થયેલી હિંસાનો ઉલ્લેખ કરતા પવારએ કહ્યુ કે દિલ્હી સાંપ્રદાયિક તણાવના કારણે સળગી રહી હતી. દિલ્હી રાજ્ય અરવિંદ કેજરીવાલ દ્વારા નિયંત્રિત છે, પરંતુ આની પોલીસ અમિત શાહ દ્વારા નિયંત્રિત કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આધીન આવે છે.

### ૪૪ સંક્રમિતોના મોત

## છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નોંધાયા ૨૫૯૩ નવા કેસ

નવીદિલ્હી,તા.૨૪

આજે દેશમાં કોરોનાના નવા ૨૫૯૩ કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭૯૪ સક્રિય કેસ નોંધાયા છે, જે પછી કુલ સક્રિય કેસની સંખ્યા વધીને ૧૫૮૭૩ થઈ ગયા છે. તમને જણાવી દઈએ કે છેલ્લા દિવસે ૧૭૫૫ લોકો કોરોનાથી સાજા થયા છે, ત્યારબાદ દેશમાં સાજા થનારા લોકોની કુલ સંખ્યા ૪,૨૫,૧૯,૪૭૯ થઈ ગઈ છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કારણે ૪૪ લોકોના મોત થયા છે, જે પછી કુલ મૃત્યુઆંક ૫,૨૨,૧૯૩ થઈ ગયો છે.

જ્યારે કોવિડ-૧૯નો મૃત્યુઆંક ૧.૨૧ ટકા છે, જ્યારે કોરોનામાંથી સાજા થનારા લોકોની સંખ્યા ૯૮.૭૫ ટકા છે, અને સક્રિય કેસ ૦.૦૪ ટકા નોંધાયા છે. આરોગ્ય મંત્રાલયની વેબસાઇટ અનુસાર, કોરોનાના ૪૪ મૃત્યુમાંથી, ૩૮ ભૂતકાળમાં કેરળમાં હતા, જેને હવે અપડેટ કરવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન સરકારે કેરળમાં કોરોનાને કારણે જાનહાનિ અંગે કોઈ માહિતી આપી નથી.આઈઆઈટી મદ્રાસ દ્વારા એક અભ્યાસ કરવામાં આવ્યો છે જેમાં જાણવા મળ્યું છે કે હાલમાં દિલ્હીની ઈ વેલ્યુ ૨.૧ છે. સરળ શબ્દોમાં કહીએ તો, એક કોરોના સંક્રમિત દર્દી હવે આ વાયરસ દ્વારા અન્ય બે લોકો સંક્રમિત થઈ રહ્યા છે. દેશની આર વેલ્યુ ૧.૩ પર ચાલી રહી છે. આવી સ્થિતિમાં પાટનગરની સ્થિતિ વધુ ચિંતાજનક બની રહી છે.

## હરિદ્વારમાં ગુજરાતના શ્રદ્ધાળુઓની બસ પલટી, મહિલા અને યુવકના મોત, ૧૨ ઘાયલ

હરિદ્વાર,તા.૨૪

ગુજરાતના શ્રદ્ધાળુઓથી ભરેલી બસ બેકાબૂ થઈને પલટી ગઈ. આ અકસ્માતમાં એક મહિલા અને એક યુવકનું મોત નીપજ્યું હતું. મૃતક મહિલાની હજુ સુધી ઓળખ થઈ શકી નથી. જ્યારે ૧૨ શ્રદ્ધાળુઓ ઘાયલ થયા છે. તમામ ઘાયલોને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ દરમિયાન બાઇક પર સવાર બે યુવકો પણ બસની અડફેટે આવી ગયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, ગુજરાતના અમરોલી શહેરમાંથી ૬૦ શ્રદ્ધાળુઓ ગુરુવારે એક બસમાં ગંગામાં સ્નાન કરવા માટે હરિદ્વાર આવ્યા હતા. શનિવારે રાત્રે ભક્તો હરિદ્વારથી મથુરા જઈ રહ્યા હતા. મેંગલોર કોતવાલી પાસે બાયપાસ પર સ્થિત બ્રિજ પરથી ભક્તોની બસ નીચે ઉતરતાની સાથે જ અચાનક બેકાબૂ થઈને પલટી ગઈ. નજીકના લોકોએ દોડી આવી બસમાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢ્યા હતા.

એમ્બ્યુલન્સની મદદથી તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવતા મહિલાને મૃત જાહેર કરવામાં આવી હતી. જ્યારે એકની હાલત નાજુક હતી. જે પણ મૃત્યુ પામ્યા. મૃતકનું નામ અર્જુન (૩૦) ગામ મુંડલાના કોતવાલી મેંગ્લોરનો રહેવાસી છે. મોડી રાત્રે મુંદલાણાના રહેવાસી અર્જુનને પણ તબીબોએ મૃત જાહેર કર્યો હતો. પોલીસે લાશનો કબજો લીધો છે. ઘાયલોમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ છે. જણાવવામાં આવી રહ્યું છે કે બસની બ્રેક ફેલ થવાના કારણે આ અકસ્માત થયો હતો.

## તંત્રી સ્થાનેથી...

# વિવિધ યોજનાઓ દ્વારા સામાજિક ન્યાય

***પોતાના ૪૨મા સ્થાપના દિવસે ભાજપે સામાજિક ન્યાય પખવાડિયાનું આયોજન કર્યું હતું. એ દરમ્યાન પાર્ટીએ ગરીબો માટે ચાલી રહેલી સરકારની વિવિધ યોજનાઓ પ્રત્યે દેશવાસીઓને જાગૃત કર્યા. આ પખવાડિયું બાબાસાહેબ ડો. આંબેડકર, જ્યોતિબા ફુલેને પણ સમર્પિત હતું, જેમણે સામાજિક ન્યાયને પોતાના જીવનમાં સર્વોચ્ચ પ્રાથમિકતા આપી. વડાપ્રધાન મોદીએ આ મહાપુરુષોના સામાજિક ન્યાયના મંત્રને પોતાની સુશાસનની રાજનીતિનું મહત્ત્વપૂર્ણ ઉપકરણ બનાવી દીધું છે. લોકતંત્રમાં સરકારો આવતી-જતી રહે છે, પરંતુ વ્યક્તિને સ્વાવલંબી અને રાષ્ટ્રને આત્મનિર્ભર બનાવવાની નીતિ જ 'રાષ્ટ્રનીતિ' બની જાય છે. આ જ કારણે હાલમાં તેને ચાર રાજ્યોમાં જીત મળી છે.***

***ભાજપની નીતિ અને દાનત પર જનતાને ભરોસો વધ્યો છે તો તેનુ મોટું કારણ છે ગરીબ સમર્થક અને સક્રિય શાસન. કેન્દ્રથી લઈને દેશભરમાં જ્યાં જ્યાં ભાજપની સરકારો છે, ત્યાં યોજનાઓની ડિલીવરીની સિસ્ટમ બહેતર થઈ છે. આયુષ્માન ભારત જેવી વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય યોજનાએ ગરીબોના ખિસ્સા પર સારવાર અને દવાઓના ભારે ભરખમ બોજને ઓછો કર્યો છે. ૧૭ કરોડથી વધારે આયુષ્માન ભારત કાર્ડ આજે એ ગરીબ અને વંચિત વર્ગનો આધાર બન્યાં છે જેમની સામે હંમેશાં એ પ્રશ્ન મોં ફાડીને ઊભો રહેતો હતો કે જો બીમાર પડીશું તો સારવારના પૈસા ક્યાંથી લાવીશું? બધાને પાકાં મકાન મળે, આ દિશામાં જાતિ-મજહબથી દૂર રહીને તમામ વર્ગો સુધી મોદી સરકારે ક્રાંતિકારી પહેલ કરી. આજે પીએમ આવાસ યોજના અંતર્ગત ત્રણ કરોડથી વધારે મકાન બનાવાઈ ચૂક્યાં છે. આ જ રીતે જળજીવન મિશન દેશના વિકાસને નવી ગતિ આપી રહ્યું છે. આઝાદીના ૭૦ વર્ષોમાં દેશના ફક્ત ત્રણ કરોડ ઘરોમાં નળ કનેક્શન હતું, જેનાથી બે ગણાથી વધારે કનેક્શન ફક્ત ત્રણ વર્ષમાં લગાવી દેવાયા છે. ખેડૂતોને લઈને દાયકાઓથી ફક્ત વાતો જ થતી હતી.***

***યુપીએ સરકારના લગભગ ૫૨ હજાર કરોડ રૂપિયાની દેવાં માફીની યોજનાનો ખૂબ ઢંઢેરો પીટવામાં આવ્યો, જે કાગળિયાં સુધી જ સીમિત રહી, પરંતુ મોદી સરકારે છેલ્લાં કેટલાંક વર્ષોમાં જ ૧૧ કરોડથી વધારે ખેડૂતોનાં બેંક ખાતાંમાં સીધા પોણા બે લાખ કરોડ રૂપિયાથી વધારેની રકમ પહોંચાડીને અન્નદાતાઓને સન્માન અને સહારો આપ્યો છે. છાત્રવૃત્તિથી લઈને સ્ટેન્ડઅપ ઇન્ડિયા જેવી યોજનાઓએ સમાજના વંચિત વર્ગોના છાત્રો અને મહિલાઓને એક નવી ઓળખ આપી છે. અત્યાર સુધી ૧.૩૪ લાખ લોકો સ્ટેન્ડઅપ ઇન્ડિયા યોજનાનો લાભ ઉઠાવી ચૂક્યા છે. તેમાં ૮૧ ટકાથી વધારે મહિલાઓ છે. આ ઉદ્યમિતાના માધ્યમથી આર્થિક સશક્તીકરણ અને રોજગાર સર્જનનું ઉદાહરણ બનીને ઉભરી છે. મુદ્રા યોજના દ્વારા પણ અત્યાર સુધી ૩૪ કરોડથી વધારે લોકોને લોન સ્વીકૃત કરી દેવાઈ છે. તેમાં ૭૦ ટકાથી વધારે મહિલાઓ, ૫૦ ટકાથી વધારે અનુસૂચિત જાતિ અને જનજાતિ, પછાત વર્ગ અને વંચિત સમાજના લોકો છે. સમાજના અંતિમ છેડાના વ્યક્તિ સુધી લાભ પહોંચાડવાના વિઝનને પીએમ સ્વનિધિ યોજનાના ઉદાહરણથી પણ સમજી શકાય છે. કોવિડ સમયે જ્યારે રેંકડી-ખૂમચાવાળાઓની આજીવિકા પર સંકટ આવ્યું તો આ જ યોજનાએ તેમને સહારો આપ્યો. તેનો લાભ લેનારમાં ૪૧ ટકા સંખ્યા મહિલાઓની છે તો પછાત વર્ગના ૫૧ અને અનુસૂચિત જાતિ/જનજાતિ વર્ગના ૨૨ ટકા લોકો તેના લાભાર્થીઓમાં સામેલ છે.***

# શ્રીરામ ભક્ત હનુમાનજી પંચમુખી કેમ બન્યા?

"ઘણીવાર આપે ફોટામાં કે મંદિરમાં પાંચમુખવાળા હનુમાનજીના દર્શન કર્યા હશે, કેમ અને કેવી રીતે હનુમાનજીએ પાંચ મોઢાવાળું રૂપ ધારણ કર્યું હતું? તેની કથા જોઈએ.."




લંકાના રણમેદાનમાં લક્ષ્મણ અને મેઘનાથ વચ્ચે ભિષણ યુદ્ધ થયું અને અંતે મેઘનાથનો વધ થયો.અત્યાર સુધી રાવણ અભિમાનમાં હતો પરંતુ મેઘનાથના મૃત્યુ બાદ લક્ષ્મણનું પરાક્રમ જોઈને ચિંતિત થાય છે.રાવણને દુઃખી જોઈને રાવણની માતા કૈકસીએ પાતાળમાં રહેતા તેના બે ભાઈઓ અહિરાવણ અને મહિરાવણ કે જે રાવણના બાળપણના મિત્રો હતા તેમની યાદ અપાવે છે.લંકાના રાજા બન્યા પછી અભિમાનના લીધે તે કોઈને ગણકારતો ન હતો,તેમછતાં રાવણને સારી રીતે ખબર હતી કે અહિરાવણ અને મહિરાવણ તંત્ર-મંત્રના મહાન પંડીત હતા,જાદુ-ટોણાના માહિર અને માતા કામાક્ષીના પરમ ભક્ત હતા.

રાવણ તેમને બોલાવવા દૂત મોકલી સંદેશો મોકલે છે કે તમારે છળ-કપટ,બળ અને કૌશલ્યથી રામ-લક્ષ્મણનો નાશ કરવાનો છે.ગુપ્તચરોના મારફતે આ વાતની ખબર વિભિષણને થાય છે અને યુદ્ધમાં પરમ માયાવી અહિરાવણ અને મહિરાવણના આવવાથી ચિંતિત થાય છે.વિભિષણને લાગ્યું કે ભગવાન શ્રીરામ અને લક્ષ્મણની સુરક્ષા વ્યવસ્થા કડક કરવી પડશે અને સુરક્ષાની જવાબદારી વીર હનુમાનજીને સોંપવામાં આવે છે અને પોતે પણ સજાગ બની જાય છે.

શ્રીરામ અને લક્ષ્મણની કુટિયા લંકામાં આવેલ સુબેલ પર્વત પર બનાવવામાં આવી હતી. હનુમાનજીએ ભગવાન શ્રીરામની કુટિયા ઉપર કોઈ જાદુ-ટોણા,તંત્ર-મંત્રની અસર ના થાય અને કોઈ માયાવી રાક્ષસ અંદર ઘુસી ના જાય તે માટે ચારે બાજુ એક સુરક્ષા કવચ બનાવી દીધું.

અહિરાવણ અને મહિરાવણ શ્રીરામ-લક્ષ્મણને મારવા માટે કુટિયા સુધી પહોચ્યા ખરા પરંતુ સુરક્ષા કવચ આગળ તેમનું બળ ન ચાલતાં મહિરાવણ વિભીષણનું રૂપ ધારણ કરીને કુટિયામાં પ્રવેશ કરે છે. રામ અને લક્ષ્મણ સપાટ પત્થરની શિલાઓ ઉપર ઉંઘી રહ્યા હતા તે સમયે કોઈપણ જાતનો અવાજ ન થાય તે રીતે શિલા સહીત બંન્ને ભાઈઓને ઉઠાવીને પોતાના નિવાસ પાતાળ તરફ લઈ જાય છે.વિભીષણ બિલ્કુલ સચેત હતા એટલે થોડીવારમાં જ તેમને ખબર પડી જાય છે કે કંઈક અનહોની ઘટના બની છે.વિભીષણને પહેલાંથી જ મહિરાવણ ઉપર શક હતો અને તેથી જ તેમને રામ-લક્ષ્મણની ચિંતા રહેતી હતી.

વિભિષણે હનુમાનજીને મહિરાવણના વિશે વિસ્તૃત વાતો સમજાવી તેનો પીછો કરવા મોકલે છે. લંકામાં પોતાના અસલી રૂપમાં ફરવું હનુમાનજી માટે યોગ્ય ન લાગતાં તેમને એક પક્ષીનું રૂપ ધારણ કરીને નિકુંભલા નગરમાં પહોંચે છે ત્યાં તેમને એક કબૂતર અને કબૂતરી જે અંદરોઅંદર વાતો કરી રહ્યા હતા તે સાંભળ્યું.કબૂતર કહી રહ્યું હતું કે હવે રાવણની જીત નક્કી છે.અહિરાવણ અને મહિરાવણ રામ-લક્ષ્મણની બલિ ચઢાવી દેશે એટલે યુદ્ધ સમાપ્ત થશે.કબુતરની વાતોથી બજરંગબલીને ખબર પડી કે બંન્ને રાક્ષસો રામ-લક્ષ્મણને સૂતેલા જ ઉઠાવીને કામાક્ષી દેવીને બલિ ચઢાવવા પાતાળલોક લઈ ગયા છે. હનુમાનજી વાયુ વેગથી પાતાળલોકમાં પહોચી જાય છે.

પાતાળ લોકના પ્રવશેદ્વાર ઉપર તેમને એક અદભૂત ચોકીદાર જોવા મળે છે જેનું અડધું શરીર વાનરનું અને અડધું શરીર માછલીનું હતું તે હનુમાનજીને પાતાળલોકમાં પ્રવેશ કરતાં રોકે છે. દ્વારપાળ હનુમાનજીને કહે છે કે મને પરાસ્ત કર્યા વિના આપ અંદર જઈ શકતા નથી અને બંન્ને વચ્ચે યુદ્ધ થાય છે. હનુમાનજીની ધારણા કરતાં આ દ્વારપાળ શક્તિશાળી અને કુશળ યોદ્ધો નિકળ્યો.બંન્ને શક્તિશાળી યોદ્ધાઓ વચ્ચે ભિષણ યુદ્ધ થાય છે અને અંતે બજરંગબલીની આગળ તે ટકી શકતો નથી,છેલ્લે હનુમાનજીએ તેને હરાવી દીધો પણ તેના વખાણ કર્યા વિના રહી શકતા નથી.

હનુમાનજીએ તે વીરને પુછ્યું કે આપ પોતાનો પરીચય આપો,તમારું સ્વરૂપ જોઈને મને નવાઈ લાગે છે.ત્યારે તે વીરે જવાબ આપ્યો કે હું હનુમાન પુત્ર છું અને એક માછલીના ગર્ભથી પૈદા થયો છું મારૂ નામ મકરધ્વજ છે.હનુમાનજીને આ સાંભળીને નવાઈ લાગી અને તેની વાતો સાંભળવા લાગ્યા.મકરધ્વજે કહ્યું કે લંકાદહન પછી હનુમાનજી સમુદ્રમાં પોતાની અગ્નિ શાંત કરવા ગયા ત્યારે તેમના શરીરમાંથી પરસેવાના રૂપમાં સમુદ્રમાં તેજ પડ્યું તે સમયે મારી માતાનું મુખ આહારના માટે ખુલ્લું હતું એટલે તેજ મારી માતાએ પોતાના મુખમાં લઈ લીધું અને ગર્ભવતી બની તેનાથી મારો જન્મ થયો છે.હનુમાનજીએ જ્યારે મકરધ્વજના જન્મની વાત સાંભળી ત્યારે પોતાનો પરીચય આપતાં કહ્યું કે હું પોતે જ હનુમાન છું.

મકરધ્વજે હનુમાનજીના ચરણસ્પર્શ કર્યા તો હનુમાનજીએ પોતાના પૂત્રને આલિંગનમાં લઈ અહી આવવાનું કારણ બતાવ્યું અને પોતાના સ્વામી શ્રીરામની રક્ષા કરવા સહાયતા કરવા કહ્યું.મકરધ્વજે કહ્યું કે થોડા જ સમયમાં રાક્ષસ બલિ ચઢાવવા આવશે ત્યાર પહેલાં આપ રૂપ બદલીને કામાક્ષી મંદિરમાં જઈને બેસી જાઓ અને સમગ્ર પૂજા ઝરોખામાંથી કરવાની સૂચના આપો.હનુમાનજીએ પ્રથમ મધુમાખીની રૂપ ધારણ કરીને કામાક્ષી માતાજીના મંદિરમાં પ્રવેશ કરે છે.હનુમાનજીએ માતા કામાક્ષીને નમસ્કાર કરીને સફળતાની કામના કરી અને પુછ્યું કે હે માતા આપ શ્રીરામજી અને લક્ષ્મણની બલિ ઈચ્છો છો? ત્યારે માતા કામાક્ષીએ જવાબ આપ્યો કે હું તો દુષ્ટ અહિરાવણ તથા મહિરાવણની બલિ ઈચ્છું છું.આ બંન્ને મારા ભક્તો છે પરંતુ અધર્મી અને અત્યાચારી છે એટલે આપ પ્રયત્ન કરો આપ સફળ થશો.

માતા કામાક્ષીએ કહ્યું કે મને પ્રસન્ન કરવા અહિરાવણે મંદિરમાં પાંચ દિપક અલગ અલગ દિશાઓ અને સ્થાન ઉપર સળગાવ્યા છે,જે દિવસે આ પાંચ દિપક એક સાથે બુઝાવવામાં આવશે ત્યારે તેનો અંત થશે.એટલામાં બેન્ડ-વાજાંનો અવાજ સંભળાય છે,અહિરાવણ અને મહિરાવણ માતાજીને બલિ ચઢાવવા આવી રહ્યા હતા.હનુમાનજીએ માતા કામાક્ષીનું રૂપ ધારણ કરી કહ્યું કે હું આપની દેવી માતા કામાક્ષી છું. આજે તમે મારી પૂજા ઝરોખામાંથી કરી ભોગ ચઢાવો,તે સમયે શ્રીરામ-લક્ષ્મણ બેહોશ હતા.હનુમાનજીએ બંન્નેને બંધનથી મુક્ત કર્યા.હવે પાતાળલોકથી જવાનો સમય હતો પરંતુ ત્યાર પહેલાં માતા કામાક્ષીને અહિરાવણ અને મહિરાવણની બલિ ચઢાવી માતાજીને પ્રસન્ન કરવાના હતા.

હનુમાનજીએ મકરધ્વજને બેહોશ શ્રીરામ-લક્ષ્મણનું ધ્યાન રાખવાનું કહી બંન્ને રાક્ષસો સાથે યુદ્ધ ચાલુ કર્યું પણ યુદ્ધ સહેલું ન હતું.અહિરાવણ અને મહિરાવણ ઘણી જ મુશ્કેલીથી મરતા અને પાછા પાંચ પાંચ રૂપમાં જીવીત થઈ જતા હતા.આવી વિકટ પરિસ્થિતિમાં મકરધ્વજે કહ્યું કે અહિરાવણની પત્ની નાગકન્યા છે.અહિરાવણને તે પસંદ ન કરતી હોવા છતાં તેને બળજબરીથી ઉઠાવી લાવ્યો છે તે અહિરાવણના મૃત્યુનું રહસ્ય જાણે છે આપ તેમની પાસે જાઓ અને સહાયતા માટે વિનંતી કરો.

મકરધ્વજે રાક્ષસોને યુદ્ધમાં રોકી રાખ્યા અને બીજી બાજુ હનુમાનજી અહિરાવણની પત્ની પાસે જાય છે.નાગકન્યાને કહે છે કે આપ અહિરાવણના મૃત્યુનું રહસ્ય બતાવશો તો હું તમોને તેના બંધનમાંથી મુક્ત કરાવીશ.અહિરાવણની પત્નીએ કહ્યું કે મારૂં નામ ચિત્રલેખા છે.હું ભગવાન વિષ્ણુની ભક્ત છું.મને અહિરાવણ પસંદ નથી પરંતુ તે મારી સુંદરતા જોઈને મને બળજબરીથી ઉઠાવી લાવી મને કૈદ કરી છે પરંતુ આપ મારી ઈચ્છા પુરી કરશો તો જ હું અહિરાવણના મૃત્યુનું રહસ્ય બતાવીશ.ત્યારે હનુમાનજી અહિરાવણની પત્ની નાગકન્યા ચિત્રસેનાને કહે છે કે અહિરાવણના મૃત્યુના રહસ્યના બદલામાં આપ શું ઈચ્છો છો?

ચિત્રસેના કહે છે કે દુર્ભાગ્યથી અહિરાવણ જેવો અસુર મારૂ હરણ કરીને લઈ આવ્યો છે જેનાથી મારૂ જીવન ખરાબ થઈ ગયું છે,હું દુર્ભાગ્યને સૌભાગ્યમાં બદલવાનું ઈચ્છું છું.આપ મારૂ લગ્ન શ્રીરામ સાથે કરાવી આપવાનું વચન આપો તો હું અહિરાવણના મૃત્યુનું રહસ્ય બતાવીશ.હનુમાનજી વિચારમાં પડી ગયા કે ભગવાન શ્રીરામ તો એક પત્ની નિષ્ઠ છે,પોતાની ધર્મપત્ની દેવી સીતાને મુક્ત કરાવવા અસુરો સાથે યુદ્ધ કરી રહ્યા છે તે બીજા લગ્ન કરવા ક્યારેય તૈયાર થશે નહી તો હું કેવી રીતે ચિત્રસેનાને વચન આપૂં? પછી વિચાર કરવા લાગ્યા કે યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવામાં ન આવે તો મારા સ્વામીના પ્રાણ સંકટમાં છે.અસમંજસની સ્થિતિમાં બેચૈન હનુમાનજીએ એવો રસ્તો કાઢ્યો કે સાપ મરે અને લાઠી પણ ના તૂટે.

હનુમાનજીએ કહ્યું કે આપની શરતનો હું સ્વીકાર કરૂં છું પરંતુ અમારી પણ એક શરત છે કે લગ્ન ત્યારે જ થશે જ્યારે તમારી સાથે ભગવાન શ્રીરામ જે પલંગ ઉપર બેસે તે પલંગ સલામત રહેવો જોઈએ જો તે પલંગ તૂટી જશે તો અપશુકન માનીને શ્રીરામ સાથે તમારૂં લગ્ન થશે નહી.

મહાકાય અહિરાવણના બેસવાથી પલંગ ના તૂટતો હોય તો શ્રીરામના મારી સાથે બેસવાથી પલંગ કેવી રીતે તૂટવાનો હતો? તેમ માનીને ચિત્રસેનાએ શરતનો સ્વીકાર કરી અહિરાવણ સહિત તમામ રાક્ષસોના મૃત્યુનું રહસ્ય હનુમાનજીને બતાવી દીધું.

ચિત્રસેનાએ કહ્યું કે આ બંન્ને રાક્ષસોના બાળપણની વાત છે.એકવાર આ બંન્ને રાક્ષસોએ મિત્રો સાથે મળીને મનોરંજન માટે એક ભમરીને પકડીને વારંવાર તિક્ષણ કાંટા તેને ભોંકવા લાગ્યા. આ કોઈ સામાન્ય નહી પરંતુ માયાવી ભમરી હતી.ભમરીની વેદના જોઈને અહિરાવણ અને મહિરાવણને દયા આવે છે અને ભમરીને છોડી મુકે છે.માયાવી ભમરીનો પતિ પોતાની પત્નીની વેદના સાંભળીને આવે છે અને પોતાની પત્નીને મુક્ત કરી તો પ્રસન્ન થઈને વચન આપે છે કે તમારાના ઉપકારનો બદલો અમે સમગ્ર ભ્રમર જાતિ ભેગા મળીને ચુકવીશું.મોટી સંખ્યામાં આ ભમરાઓ તેમના શયનખંડની આસપાસ જ રહેતા હતા.આ બંન્ને રાક્ષસોને કોઈ મારવા માટે પ્રયત્ન કરે અને તે મૃત્યુને શરણ થાય ત્યારે આ ભમરાઓ તેના મુખમાં અમૃતનું એક બુંદ નાખી બચાવી લે છે.આ અમૃતના કારણે આ બંન્ને રાક્ષસો મરીને પણ જીવતા થઈ જાય છે એટલે આ બે રાક્ષસોને મારતા પહેલાં તમારે આ ભમરાઓને મારવા પડશે.

ચિત્રસેના પાસેથી રાક્ષસોના મૃત્યુનું રહસ્ય જાણીને હનુમાનજી પાછા આવે છે.મકરધ્વજે બંન્ને રાક્ષસોને યુદ્ધમાં રોકી રાખ્યા હતા બીજી બાજું હનુમાનજીએ તમામ ભમરાઓને મારવાના શરૂ કર્યા, અંતે એક ભમરો બચે છે જે હનુમાનજીની શરણમાં આવી પ્રાણરક્ષાની યાચના કરે છે, હનુમાનજીને દયા આવે છે અને તેને જીવનદાન આપી એક કામ સોંપે છે.

હનુમાનજીએ કહ્યું કે હું તને એક શરતે પ્રાણદાન આપું છું,તૂં અહિરાવણના પત્નીના લાકડાના પલંગમાં ઘુસી તેને બિલ્કુલ ખોખરી કરી નાખ.ભમરો તરત ચિત્રસેનાના પલંગમાં ઘુસી તેને ખોખરો કરી નાખે છે.બીજી બાજું અહિરાવણ અને મહિરાવણ પોતાના ચમત્કારથી અદ્રશ્ય થઈ જતા તેમછતાં હનુમાનજીએ યુદ્ધ ચાલુ રાખ્યું.ભમરાઓને હનુમાનજીએ મારી નાખ્યા હતા તેમછતાં આ બે રાક્ષસો મરતા નથી તેની હનુમાનજીને ચિંતા થાય છે તે સમયે તેમને માતા કામાક્ષીનું વચન યાદ આવે છે કે "જ્યારે મંદીરમાં અલગ અલગ દિશામાં પ્રગટાવેલા પાંચ દિપકો એક સાથે હોલવવામાં આવશે ત્યારે તે નવા નવા રૂપો ધારણ કરવામાં અસમર્થ બનશે અને તેમનો વધ થશે.

હનુમાનજીએ તત્કાળ પંચમુખી રૂપ ધારણ કર્યું.પુર્વ દિશામાં હનુમાન મુખ,પશ્ચિમ દિશામાં ગરૂડ મુખ, ઉત્તર દિશામાં વરાહ મુખ,દક્ષિણ દિશામાં નરસિંહ મુખ અને આકાશની તરફ હયગ્રીવ મુખ. ત્યાર પછી હનુમાનજીએ પોતાના પાંચ મુખો દ્વારા એક સાથે પાંચેય દિપકોને બુજાવી દીધા જેથી રાક્ષસો વારંવાર પૈદા થઈને લાંબા સમય સુધી જીવીત રહેતા હતા તે આશંકા પુરી થતાં હનુમાનજી અને મકરધ્વજના હાથે બંન્ને રાક્ષસો માર્યા જાય છે. ત્યારબાદ શ્રીરામ-લક્ષ્મણની મૂર્છા દૂર કરવાનો ઉપાય કરવામાં આવે છે.બંન્ને ભાઈઓ હોંશમાં આવી જાય છે ત્યાં જ ચિત્રસેના આવી પહોંચે છે.હનુમાનજી કહે છે કે પ્રભુ હવે આપ અહિરાવણ અને મહિરાવણના છળ અને બંધનથી મુક્ત થયા છો પરંતુ તેના માટે અમારે નાગકન્યા ચિત્રસેનાની સહાયતા લેવી પડી હતી.અહિરાવણ તેને બળપૂર્વક ઉઠાવી લાવ્યો હતો, તે આપની સાથે વિવાહ કરવા ઈચ્છે છે તો કૃપા કરીને આપ તેની સાથે વિવાહ કરીને પોતાની સાથે લઈ લો કે જેનાથી તેને પણ મુક્તિ મળે.

હનુમાનજીની આવી વાત સાંભળીની ભગવાન શ્રીરામને નવાઈ લાગે છે તે કંઈક કહે તે પહેલાં હનુમાનજીએ કહ્યું કે ભગવાન આપ તો મુક્તિદાતા છો.અહિરાવણના મૃત્યુનું રહસ્ય ચિત્રસેનાએ બતાવ્યું હતું, તેની સહાયતા વિના અમે અહિરાવણને મારવામાં સફળ થઈ શકવાના નહોતા.કૃપાનિધાન ચિત્રસેનાને પણ મુક્તિ મળવી જોઈએ,આપ ચિંતા ન કરો,અમારા સર્વેનું જીવન બચાવનાર આપ તેની સાથે આ પલંગ ઉપર તેની સાથે બેસો બાકીનું કામ હું સંભાળી લઈશ.હનુમાનજી એટલી ઝડપથી તમામ કામો કરી રહ્યા હતા કે શ્રીરામ-લક્ષ્મણ ચિંતામાં પડી જાય છે.

હનુમાનજીએ ભગવાન શ્રીરામનો હાથ પકડીને ચિત્રસેનાના સજાવેલા પલંગ ઉપર બેસાડી દીધા, શ્રીરામ કંઈક સમજે તે પહેલાં તો પલંગ તૂટી જાય છે.ચિત્રસેના પણ જમીન ઉપર પડી જાય છે.હનુમાનજી હંસીને ચિત્રસેનાને કહે છે કે તમારી શરત પુરી થતી નથી એટલે શ્રીરામ સાથે તારો વિવાહ થશે નહી હવે તૂં મુક્ત છે અને અમે તને તારા લોકમાં જવાની વ્યવસ્થા કરીએ છીએ.

ચિત્રસેના સમજી ગઈ કે તેની સાથે છળકપટ કરવામાં આવ્યું છે.મર્યાદા પુરૂષોત્તમનો સેવક કોઈની સાથે છળકપટ કરે તે ઉચિત ના કહેવાય એટલે હું હનુમાનજીને શ્રાપ આપીશ.ચિત્રસેના હનુમાનજીને શ્રાપ આપવા જઈ રહી છે તે સમયે શ્રીરામનો સમ્મોહન ભંગ થાય છે,તે સમગ્ર નાટકને સમજી જાય છે.તેમને ચિત્રસેનાને સમજાવ્યું કે મેં એક પત્નીવ્રતનો સંકલ્પ લીધેલો છે એટલે હનુમાનજીએ આમ કરેલ છે.ગુસ્સે ભરાયેલી ચિત્રસેના શ્રીરામ સાથે લગ્ન કરવાની જીદ કરે છે ત્યારે શ્રીરામ કહે છે કે હું જ્યારે દ્વાપર યુગમાં કૃષ્ણ અવતાર લઈશ ત્યારે તમોને સત્યભામાના રૂપમાં મારી પટરાણી બનાવીશ ત્યારે તે માની ગઈ. હનુમાનજીએ તેને તેના પિતાની પાસે પહોંચાડી દીધી.ચિત્રસેનાને પ્રભુએ આગલા જન્મમાં પત્ની બનાવવાનું વરદાન આપ્યું તેથી તેને પોતાનું શરીર અગ્નિમાં ભસ્મ કરી દીધું અને શ્રીરામ-લક્ષ્મણ મકરધ્વજ અને હનુમાનજી સહિત પાછા સુબેલ પર્વત ઉપર પાછા આવે છે.


વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)


## હું પણ ભાજપના નેતાઓની વિરૂધ્ધ એફઆઈઆર દાખલ કરાવીશ : દિગ્વિજયસિંહ



ભોપાલ,તા.૨૪

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજયસિંહે હવે ભાજપ નેતાઓની વિરૂધ્ધ મોરચો ખોલી દીધો છે.દિગ્વિજયસિંહે ટ્વીટ કરતા લખ્યું છે કે ભાજપ નેતા સોશલ મીડિયા પર દેશભરમાં કોંગ્રેસ નેતાઓને એડિટેડ વીડિયો વાયરલ કરે છે આવા નેતાઓની વિરૂધ્ધ તે તાકિદે એફઆઈઆર દાખલ કરાવશે

દિગ્વિજયસિંહે ટ્વીટમાં આગળ લખ્યું છે કે ભાજપ અમારા નિવેદનોને એડિટ કરી બદનામ કરે છે આ તેનું જવલંત ઉદાહરણ છે શું આ જુર્મ નથી,કાનુની સલાહ લઈ હું જે ભાજપ નેતાઓએ તેને પ્રચારિત કર્યા છે તેમની વિરૂધ્ધ એફઆઈઆર પણ કરાવીશ અને માનહાનીનો દાવો પણ કરાવીશ

અન્ય એક ટ્વીટમાં તેમણે લખ્યું કે સમગ્ર દેશમાં કોંગ્રેસ નેતાઓની વિરૂધ્ધ આ રીતની અડધી અધુરી વિડિયો ચલાવી ભાજપ નેતા કોંગ્રેસની વિરૂધ્ધ વાતાવરણ તૈયાર કરી રહી છે પોતાની રાજનીતિ ચમકાવવા માટે જુઠ્ઠાણુ ફેલાવી રહી છે પરંતુ હવે જુઠ્ઠાણુ ફેલાવનારા તમામ ભાજપ નેતા અને સમર્થકોની વિરૂધ્ધ કોંગ્રેસ પોલીસમાં ફરિયાદ દાખલ કરાવશે

એ યાદ રહે કે તાજેતરમાં દિગ્વિજયસિંહે સોશલ મીડિયા પર બિહારની એક ફોટો ખરગોન હિંસા બતાવી તેને ટ્વીટ કરી હતી જો કે બાદમાં ભુલનો અહેસાસ થવા પર તેમણે તે ટ્વીટને ડીલીટ પણ કરી દીધો હતો પરંતુ ગૃહ મંત્રીથી લઈ મુખ્યમંત્રી સુધીએ દિગ્વિજયસિંહ પર નિશાન સાધ્યું હતું ત્યારબાદ સિંહની વિરૂધ્ધ એફઆઈઆર પણ દાખલ કરાવવામાં આવી હતી હવે દિગ્વિજયસિંહે તેના આધાર પર ભાજપ નેતાઓની વિરૂધ્ધ એફઆઈઆર કરવાની વાત કહી છે.

# દિવસભરના હંગામા બાદ અપક્ષ સાંસદ નવનીત રાણાની રાત પોલીસ સ્ટેશનમાં વીતી

મુંબઈ,તા.૨૪

અપક્ષ સાંસદ નવનીત રાણા અને તેમના ધારાસભ્ય પતિ રવિ રાણાએ આગ્રહ કર્યો કે તેઓ માતોશ્રીની બહાર હનુમાન ચાલીસાનો પાઠ કરશે. પરંતુ શિવસૈનિકોએ નક્કી કર્યું કે જો આમ થશે તો પરિણામ ખરાબ આવશે. જેથી શનિવારે દિવસભર તેને લઈને ભારે અસમંજસનો માહોલ રહ્યો હતો. શિવસૈનિકોએ હોબાળો મચાવ્યો હતો. ત્યારબાદ મુંબઈ પોલીસે નવનીત રાણા અને તેના પતિ વિરુદ્ધ કાર્યવાહી કરી.

મહારાષ્ટ્રમાં જ્યારે લાઉડસ્પીકરનો વિવાદ છેડાયો ત્યારે હનુમાન ચાલીસા પર હંગામો થયો હતો. હનુમાન ચાલીસાના પાઠ પર એવો હંગામો થયો કે મામલો ધરપકડ સુધી પહોંચ્યો. સાંસદ નવનીત રાણા અને તેમના પતિ રવિ રાણા સીએમ ઉદ્ધવ ઠાકરેના ઘર 'માતોશ્રી'ની બહાર હનુમાન ચાલીસા વાંચવાની વાત કરીને અભિભૂત થઈ ગયા. આથી પોલીસે શનિવારે જ બંનેની ધરપકડ કરી હતી. આજે બંનેને બાંદ્રા કોર્ટમાં રજૂ કરવામાં આવનાર છે.

પોલીસે ધર્મના આધારે બે જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવાના સંબંધમાં સાંસદ નવનીત અને રવિ રાણાની ધરપકડ કરી અને બંનેને ખાર પોલીસ સ્ટેશન લઈ ગયા. નવનીત રાણાએ વિવાદનું ઉદ્ઘાટન કર્યું હશે, પરંતુ શિવસેનાએ તેને ખતમ કરવાની જવાબદારી લીધી. સ્થિતિ એવી બની કે શનિવારે નવનીત રાણાના ઘરની બહાર આખો દિવસ હોબાળો થયો. આ બધાની વચ્ચે પોલીસ નવનીત રાણા અને રવિ રાણાને કસ્ટડીમાં લઈને સાંજે ૫.૩૦ વાગ્યાની આસપાસ ખાર પોલીસ સ્ટેશન પહોંચી. ત્યારબાદ આ કાર્યવાહીને લઈને અનેક સવાલો ઉભા થવા લાગ્યા. તાજેતરમાં નવનીત રાણાને વાય કેટેગરીની સુરક્ષા મળી છે. ધરપકડ સમયે નવનીત રાણા તેના સુરક્ષાકર્મીઓ સાથે પણ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. પોલીસે નવનીત રાણા અને રવિ રાણાનો ખાર સ્ટેશન પર જ મેડિકલ ટેસ્ટ કરાવ્યો હતો. તમને જણાવી દઈએ કે બંનેની આખી રાત પોલીસ સ્ટેશનમાં જ વિતાવી હતી. હવે પોલીસ નવનીત રાણા અને રવિ રાણા સંબંધિત તમામ વીડિયો અને પ્રેસ કોન્ફરન્સના ફૂટેજ એકત્ર કરી રહી છે, જેથી તેનું વિશ્લેષણ કરી શકાય. આજે બંનેને બાંદ્રા સ્થિત હોલિડે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.બીજી તરફ રાણા દંપતીએ હંગામાને લઈને શિવસૈનિકો વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે, જેમાં જાનથી મારી નાખવાના પ્રયાસનો આરોપ લગાવવામાં આવ્યો છે.




તા.૧૭-૪-૨૦૨૨ રવિવારે સવારે ૮થી૧૨ દરમ્યાન નારણપુરા વિસ્તારમાં સુવર્ણ જયંતિ વર્ષ શાંતિ કુંજ હરિદ્વારના ઉપલક્ષ્યમાં વિચાર ક્રાંતિ અભિયાન અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિ કુંજની પ્રેરણા અનુસાર સિંદુર પાર્ટીપ્લોટ, વરદાનટાવર, પ્રગતિ નગર ખાતે યુગ શક્તિ ગાયત્રી ટ્રસ્ટ નારણપુરા- લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હીલ તથા સિંદૂર પાર્ટી પ્લોટના ઉપક્રમે ચૈત્રી નવરાત્રિ દરમ્યાન ગાયત્રી પરિવાર નારણપુરાના પરિજનો દ્વારા વ્યક્તિગત કે સમૂહમાં કરવામાં આવેલા ગાયત્રી મંત્ર જપ, ગાયત્રી મંત્ર લેખન કાર્ય, ગાયત્રી ચાલીસા પાઠના અનુષ્ઠાની સાધના,ઉપાસના, આરાધનાની પૂર્ણાહુતિ નિમિત્તે તથા યુગ પરિવર્તન અને ધરતી ઉપર સ્વર્ગના અવતરણ થકી મનુષ્યમાં સૌને સદબુદ્ધિ, ઉજ્જવળ ભવિષ્ય, નિરામય જીવનની પ્રાપ્તિ થાઓની પ્રાર્થના તેમજ વ્યક્તિ નિર્માણથી પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વના નિર્માણાર્થે ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ યોજાયો જેમાં આદર્શ??? માનવના ઘડતર સમા ગર્ભસંસ્કાર,વિદ્યારંભ, જન્મદિવસ જેવા વિવિધ સંસ્કારો કરાવવામાં આવ્યા હતા કાર્યક્રમમાં ડૉ.ઋત્વિજ પટેલ પ્રવક્તા ભાજપ અને આશાબેન બ્રહ્મભટ્ટ કાઉન્સીલર હાજર રહ્યા હતાં સખત ગરમીને લઈ રેડ ક્રોસ દ્વારા રક્તદાન શિબિરમાં ૮બોટલ રક્ત એકત્રિત થયું હતું, મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને શ્રીમતિ મણીબેન સરકારી આયુર્વેદ હોસ્પિટલના નિષ્ણાંત વૈદ્યોના માર્ગદર્શનમાં નિઃશુલ્ક સર્વ રોગ નિદાનની સાથે ઔષધીય દવાઓ આપવામાં આવી હતી નાડી તપાસ વૈદ્ય વંદનાબેન પંચાલ,આંખોની તપાસ રાહત-દરે ચશ્મા વિતરણ સર્જન ડૉ.આશિષ શાહ દ્વારા અને દાંતની તપાસ, એક્યુપ્રેશર સારવારની સેવાનો લાભ ઘણા દર્દીઓને પણ પ્રાપ્ત થયો હતો માસ્ક વિતરણ, પક્ષીઓને પાણી પીવાના કુંડાનું, ગાયત્રી મંત્ર લેખન નોટ બુક, ગાયત્રી ચાલીસા,ગુરુદેવનું સાહિત્ય વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું કાર્યક્રમના અંતે ભોજન પ્રસાદ પણ હાજર રહેલા સૌએ સાથે મળીને લીધો હતો તેમ ગાયત્રી પરિવારના કનુભાઈ પટેલે જણાવ્યું હતું.

અમે કોઈને કહ્યું નથી
જમાનાની વાત સહુ કોઈ કરે,
છે બધું ઠેરનું ઠેર જ, લે બોલો,
સમય બદલાય એવું કહેતા સહુ, શું મગજમારી!
ને, જે બોલે, તે બોલીને ખસી,જોવે ચાડ મનભરી,
શું ગોસીપનો શોખ પાળે સહુ, કરતાં રહે છાની છુરી,
કોઈનાં તુટે દિલ, કોઈની લાગણી,એ તો છૂટે કરે કારી,
ઉંમરને શું લેવા, દેવા, કરતાં અહીંની, તંઈની વાતું,
જાણવું હોય સઘળું સહુનું, રાખતાં હંમેશ નિજનું છાનું!
કોક'દિનું કરાય માફ, આ તો ડગલે, ને ડગલે એ જ,
હવે સુધરે! નાજુક દિલને, હવે ન વાગે ઠેસ, ઝંખના એ જ.



**ઝંખના અખિલેષ**

## ગઝલ- અટક્યા

હકીકત એટલી કે સાવ ખોટી વાત પર અટક્યા!
ગરીબી,બેબસી ને ભૂખ ભૂલી પ્યાર પર અટક્યા!
અમે તો બસ ગઝલ ગમતી લખીને મોજ લૂંટી છે;
ઘણાં એવાં ય છે જે એક મોટી વાહ પર અટક્યા!
બધા અવકાશ ભેદી આજ દુનિયા ચાંદ પર પ્હોંચી;
હજી પણ આપણે "થાશે" કહી આરામ પર અટક્યા;
જવા દો એમને જેણે કદી પણ જાત ના છોડી;
તમે એટલું જ સમજો એ બધાં ઓકાત પર અટક્યા!
હવે આથી વધારે બદનસીબી હોય શું 'મુકુંદ'?
ખુશીની ખીણ ત્યાં સામે હતી ને ધાર પર અટક્યા!



**મુકેશ પરમાર 'મુકુંદ' (સુરેન્દ્રનગર)**

મારા દરેક સવાલનો જવાબ છે તું,
મૌન ભરેલી વાતોનો કોલાહલ છે તું..
મુખ પર રેલાતા મારા સ્મિતનું ,
એક મજાનું અનોખું કારણ છે તું..
ન જોઈએ જગતની મિથ્યા વસ્તુઓ,
મારા હૃદયની અનેરી દોલત છે તું..
જમા ઉધારનો હિસાબ શુ રાખુ હવે,
મારી જિંદગીનો એકમાત્ર નફો છે તું..
બંધ ચક્ષુએ જુવે ખ્વાબ સૌ કોઈ,
'અસ્મિ'નાખુલ્લા નયનનું સ્વપ્ન છે તું..



**અસ્મિતા વિસરોલીયા**
**અસ્મિ..**
**(સુરેન્દ્રનગર)**

## મરી ગયો

નદી કિનારે બેઠો 'તો, તોય એ તરસે મરી ગયો,
રોજ રસોડે રે 'તો તો ,તોય એ ભૂખે મરી ગયો.
વાત વાતમાં ભાન ભૂલીને ગાળો સૌને દેતો 'તો,
સ્નેહભાવ તો ઠેબે દેતો, ગુસ્સો પીને મરી ગયો.
જીભે એની કડવી વાણી, શરાબ સંગે સોબત ,
દયા કેરો છાંટો નહિ ને ખોટી લતમાં મરી ગયો.
પૈસાને એ પ્રેમ કરતો,સામે હાથ એ ધરતો 'તો.
લઈને પાછા આપે નહિ, ઉધારીમાં મરી ગયો.



**મનુભાઈ પટેલ - (અમદાવાદ) (હાલ શિકાગો અમેરિકા )**

ગ્યો ઈ જોને ગોઢલો ગોથા ખાઇ ગમાર
લંકા રોળી રાખમાં તૂટ્યો છે તીરમાર
જાતો હતો હું મહેફિલમાં ને પહોંચી ગયો સ્મશાન યાત્રામાં.....
સિકંદરો અને બાદશાહોના અસ્થિ જોયા મે તો સ્મશાનમાં...
હાં જી.?.. કહેતાં હજારો ઉઠતાં ગુંજતું નામ ત્રણેય લોકમાં...
ઘણું સમજાવ્યો છતા ના સમજ્યો મરાણો અંતે લંકામાં...
ઉતરી ગયો છે ઊંડાણ સુધી ની'હાકો હખનથી હજુ....
રાવણ તારી લંકામાં,નીહાકો લાગ્યો છે માં સીતાનો ઈ જમીનમાં....
બંજર બનાવી તે સોનાની લંકાને ખાખ કરી તે જમીન ને....
તુલસી હોત કોઈ વાણીયો મંત્રી તો બચાવી હોત લંકા ને....



**તુલસી અંતરમનથી..(સુરત)**

પ્યારના રંગો જ રમતા દીઠા જગે,
ને હસી તેને રમાડું હૈયા મહીં.
હેત મારા ચીતરું ભીંના શબ્દથી,
ને મઢું પ્યારા રંગોથી હૈયા મહીં.
માંડને ઓ પવન વાતો તું વસંતની,
છે જ મારે ડોલવું બસ હૈયા મહીં.
જાત મારે ઢાળવી છે રેતી પટે,
છે સમાવું લહર સંગે હૈયા મહીં.
રાહ જોઉં બારણે પળપળ માપતાં,
ભાવમાં ડૂબી જ ભાળું હૈયા મહીં.
કેમ ઝરણાંઓ કહું તમને વાતડી,
ખળખળ ઉછળતી રમે એ હૈયા મહીં.
ગાય ગીતો નયન મારા ફૂલો બની,
'દીપ આજે ઝગમગે તવ હૈયા મહીં.



**રમેશ પટેલ ''આકાશદીપ''- કેલિફોર્નિયા અમેરિકા)**




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




### NOG SS No/0044

**વિષયઃ- પડછાયો**
**પ્રકારઃ- ગદ્ય**
**શબ્દ સંખ્યાઃ- ૧૭૧.**
**શીર્ષકઃ- વડલાનું રૂદન.**

ગામને પાદરે ઊભેલો વડલો પોતાના પડછાયામાં બળબળતી બપોરે કંઈ કેટલાં પશુ પંખીઓ અને વટેમાર્ગુને આશરો આપે તો બાળ ગોપાલ વડવાઈ નો હિચકો બનાવી ઝૂલે. પોતાના પડછાયા શાંતિ મેળવ બધાંને ખુશ જોઈ વડલો હરખાય.

વડલાના પડછાયામાં રમીને, વડવાઈએ ઝૂલીને મોટી થયેલી આરતી લગ્ન કરીને ગઈ ત્યારે અહીંથી જ વિદાય આપેલી ત્યારે વડલો પણ માયુસ થઈ ગયેલો.

લગ્ન પછી આરતી એકાદ બે વખત પિયર આવી ત્યારે પણ સખીઓ સાથે વડવાઈએ ઝૂલતી અને એ જોઈ વડલો હરખાતો.

આજે એકાએક વહેલી પરોઢે આરતીને એકલીને વડવાઈએ ઝુલતી જોઈ વડલાને આશ્ર્ચર્ય થયું પરંતુ આરતીને જોઈને આનંદ પણ થયો.

વડલાને ક્યાં ખબર હતી કે આ આનંદ ક્ષણિક છે!

?ભાણનું આગમન થયું ને એકાએક મરણપોકનો અવાજ સાંભળતા જોય તો આરતીના પિયરિયાં વડલા નીચે ભેગાં થતાં હતાં. વાતચીત પરથી માલમ પડ્યું કે સાસરિયાના અસહ્ય ત્રાસથી ત્રસ્ત આરતીએ સવારમાં ફાંસો ખાઈ મુક્તિ મેળવી સાંભળતાં જ વડલાને ભાન થયું કે સવારે આરતીનો આત્મા જ જતાં હિચકે જુલીને મારી વિદાય લઈ ગયો અને વડલો રડી ઉઠ્યો કોણ સમજે વડલાની ભાવના કોન સંભળાય વડલાનું રુદન.!

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

-----------------------------------------------

### NOG SS NO - 0050

**શીર્ષક - પડછાયો**

પ્રકાશ પર અપારદર્શક વસ્તુ પર પડે છે..!
પણ પડછાયો તો જીવન્ત છે..!
માનતા નહીં હું એકલો છું..! હું મારી સાથે જ મારામાં જ સાથે સાથે ચાલું છું...!
ક્યાં લાગે છે મને ભાર તારો મારે કેડે લઈને ફરવાનું છે..!
તાકાત હોય તો કરીજો જોને એકલો મને..!
પ્રકાશને છાયાને વેર રહે સદાય..!
સાથે જ કદી નથી જોઈ શકતા ..!
એકબીજાને કારણ અહમને અથડામણ થાય છે..!
સૂરજ ન ઉગવાની સાથે સાથે ફર્યા કરું છું..!
તમે આકૃતિ હું પડછાયો વિહરનાર અજવાળે..!
હું એથી બડભાગી ભમે રાખે આગળને પાછળ..!
જ્યાં ઉભી રહું છું ત્યાં મારો પડછાયો ઉભો રહે છે ..!
પડછાયો મારો મિત્ર છે..!
નાસી છૂટે છે અંધારું થતાં વેંત જ ..!
પડછાયો વધુ સારો..!
અંતર આત્માતો ધોકો પણ દે..!
પણ પડછાયો ક્યારેય નહીં..!
કેવું છે અંધારું જોયું નથી ને ભાગી જાય ડરપોક..!
કયારે દુઃખી થતો નથી..!
ચઢતાં સુરજ સાથે વધે ને ઘટે મારો પડછાયો..!

રાગીની શુક્લ "રાગ",મુંબઈ, કાંદિવલી

------------------------------------------------

### NOG SS. NO. 0034

**વિષય : પડછાયો**
**વિભાગ : ગદ્ય ( લેખ)**
**શીર્ષક : પડછાયો - એક છાંયા**

પડછાયો-- પ્રતિબિંબ, છાંયો. વિવિધ અર્થ ધરાવતો આ શબ્દ ખરેખર અનેરો છે. સામાન્ય અર્થ કરીએ તો સજીવ કે નિર્જીવનું પ્રતિબિંબ. જે પ્રકાશમાં દેખાય છે અને અંધકાર માં ગાયબ થઈ જાય છે. એમ પણ કહી શકાય કે સુખમાં સાથે અને દુઃખમાં ગાયબ! સાયન્સે પણ આ પુરવાર કરેલું છે કે, સૂર્ય જેમ- જેમ ઉપર આવે ત્યારે પડછાયો ટૂંકો બને અને સૂર્ય આથમે ત્યારે પડછાયો લાંબો બને.

આપણે ક્યારેય આપણાં પડછાયાને શાંતિથી ધારીને નિહાળ્યો? લગભગ બધાંનો જવાબ ના જ હશે. પરંતુ પડછાયો આપણને સ્વની ખોજ કરવાનો, સ્વંયને સમજવાનો એક ઈશારો છે. પડછાયાની કાળી છાયા આપણે ઈગ્નોર શા માટે કરીએ છીએ? અહીં વાત કાળાં-ગોરાંનાં ભેદની નથી. પરંતુ એક કડવી વાસ્તવિકતા છે કે, આપણે દર્પણમાં કલાકો સુધી આપણાં બિંબને નિહાળીએ છીએ પરંતુ પડછાયાને નહીં. ધોમધખતા તડકામાં તપવું કઠિન છે. પરંતુ એમાં જે તપે છે એ ચોક્કસ આગળ વધે છે. પ્રતિબિંબ અને પડછાયામાં ભેદ ભલે હોય પણ એ બંને સ્વ સાથે મિલાપ કરાવે છે.

આજે આપણે એક બીજી વાત કરવી છે, આપણાં જીવનમાં ખરેખર પડછાયો બનીને ઉભેલાં સ્વજનોની, મિત્રોની. ઘરમાં વડીલોની હાજરી અને હૂંફ આપણાં જીવનમાં જરૂરી છે. જેમ વિશાળ વટવૃક્ષની છાંયામાં નાનાં-નાનાં છોડ પાંગરે એમ જ ઘરમાં ઘરડાં જ ગાડાં વાળે. તેમની છત્રછાયામાં જીવન આસાન બની જાય છે. પરિવાર પર કોઈ આફત આવે તો એ મજબૂત છતને કારણે જ મુસીબતોને આપણે હંફાવી શકીએ છીએ. પરંતુ આજે નવી પેઢીને ઘરમાં વડીલોની હાજરી ખટકે છે. તેમનું સ્થાન ઘરનાં એક ખૂણામાં કાં તો ઘરડાં ઘરમાં જ હોય છે.

એવી જ રીતે એક સાચો મિત્ર પણ પડછાયાની જેમ દરેક મુશ્કેલીમાં સાથે રહે છે. સુદામા અને શ્રીકૃષ્ણની મિત્રતાનું ઉદાહરણ આજે પણ અપાય છે.

કોઈપણ વ્યક્તિ અંદર અને બહારથી ભિન્ન-ભિન્ન વર્તે છે. જગતમાં આવી રીતે ડબલ સ્ટાન્ડર્ડથી જ લોકો જીવતાં હોય છે. જીવનમાં સારાં કર્મોની સુવાસ બધે જ ફેલાય છે જ્યારે ખરાબ કર્મોની સજા મળે છે એ કર્મનો સિધ્ધાંત છે. તેથી જ એવાં કર્મ કરીએ કે જેથી બુરાઈનો પડછાયો પણ આપણને ન અડકે અને પરમપિતા પરમાત્મા સમક્ષ આપણી છબિ, આપણો પડછાયો એકદમ શુદ્ધ, નિર્મળ રહે.

ટહુકો :-

જગતને સારું કે ખરાબ કહેવા કરતાં સૌથી પહેલાં આપણે સારા બનીએ તો કોઈ સમસ્યા જ ન રહે.

ડો. રેખા શાહ

------------------------------------------------

### NOG SS.No.0098

**વિષયઃ- પડછાયો**
**પ્રકારઃ- ગદ્ય**
**વિષયઃ- આનંદ ની અનુભૂતિ**

મિત્રો, મોટા મોટા સાહિત્યકાર લેખક ,લેખિકા ,કવિ, કવિયિત્રીના જ્ઞાન ના ભંડાર રૂપી સીચણથી દિવસે ને દિવસે વિસ્તૃત અને ઘટાદાર થતો આ વડલો (NOG.SS.Grup) જેની નીચે ઉભી રહીને પડછાયો જોઊ તો અનેરો આનંદ મળે છે .હાશ........ અનુભવું છું તૃપ્ત થઈ જાઉં છું.

લીના શર્મા,હાલોલ.

------------------------------------------------

### NOGSS NO- 0088

**વિષય- પડછાયો**
**પ્રકાર- ગદ્ય**
**શીર્ષક- પડછાયાની ફિલસૂફી**
**નામ- ડો. મનીષા વ્યાસ**

"હું તો ચાલુ ત્યારે ચાલે મારો પડછાયો"
"હું તો દોડું ત્યારે દોડે મારો પડછાયો.."

આ બાળગીત બાળપણમાં ઘણાં બધાં એ ગાયું હશે અને આ પડછાયાને એક અજાયબી જેવો ગણી તેની સાથે કલાકો કાઢ્યા હશે. ચાલીને, દોડીને વિસ્મય પામીને જોયું પણ હશે કે અરે! હા તો બધું આપણા જેવું જ કરે છે.. ત્યારે એ સુધબુધ ન હતી કે એ સમજી શકીએ કે, પડછાયો બોલી કે સાંભળી તો નથી જ શકતો..પણ એનામાં બુદ્ધિનું તત્વ પણ નથી કે તે કોઈપણ નિર્ણય લઇ શકે.. ટુંકમાં એનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ છે જ નહીં.. તે માત્ર છાયો જ છે. હવે ક્યારેક ચગડોળે ચડેલું મન પ્રશ્ન કરે છે કે.. શું પડછાયો હંમેશા સાથે જ હોય છે? અનેક તર્ક-વિતર્ક યુક્ત જવાબો મળે ક્યારેક 'હા' તો ક્યારેક ' ના'

'હા' ત્યારે જ્યારે આપણે પ્રકાશમાં હોઈએ ત્યારે તે સતત સાથે હોય છે.. સૂર્ય, ચંદ્ર કે લાઈટ જેવાં કોઈપણ અજવાળામાં સદાય આસપાસ આજુબાજુ ફરતો પડછાયો, પ્રકાશની દિશાએ વધઘટ થાય છે..

'ના' ત્યારે જ્યારે આપણે ગાઢ અંધકારમાં હોઈએ ત્યારે તે ક્યારેય સાથે નથી હોતો.. એટલે કે અલોપ થાય.

જ્યારે સૂર્ય મધ્યાહ્ને તપતો હોય ને બિલકુલ આપણા માથા ઉપર હોય ત્યારે આ પડછાયો હોવા છતાં.. આપણને સાથે નથી તેવો આભાસ થાય છે.. કારણ એ આપણા પગ તળે રમતો હોય છે..

આ પડછાયો જીવનની ફિલસૂફી શીખવે છે જીવનમાં જ્યારે ચારે તરફ ઉજાસ હોય અને સફળતા આપણી માથે હોય ને તેનાં અજવાળામાં આળોટતાં હોઈએ ત્યારે આપણાં સહયોગી કે સાથીદારો આપણને સતત સાથે હોવા છતાં દેખાતા નથી. સફળતાનાં અતિશય અજવાળાંથી આપણી આંખો અંજાયેલી હોય.. પગ તળે રહેલું સત્ય આપણે સ્પષ્ટ જોઈ શકતા નથી.

તેનાથી વિરુદ્ધ જ્યારે જીવનની પડતી, અસ્ત કે અંધકાર સમયે જો પડછાયો પણ આપણો નથી તો અન્યની અપેક્ષા કેટલી? એમ મન વાળીએ છીએ.. ત્યારે પણ પડછાયો તો હોય જ છે.. પણ અંધકારે તે સંતાઈ બેઠો હોય છે.. જેને આપણી આંખો જોઈ નથી શકતી.. બાકી સૌ હિતેચ્છુ એમાં પણ સાથે જ હોય છે..

માટે જીવનની તડકી છાંયડીને સુખ-દુઃખમાં સમતાનાં અજવાળાં કેળવીને સૌ સાથે જ છે એમ માનીને ચાલવું એ જ જીવનની સાચી સાર્થકતાનો અર્થ અને ધ્યેય બની શકે.

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

# ચેનલોને સનસનાટી ફેલાવવા પર પ્રતિબંધ ને નેતાઓને સનસનાટી ધનઘનાટી સર્જવાની છૂટ!!

તમે કોઇ હોટલ કે રેસ્ટોરન્ટમાં લંચ કે ડીનર પર ગયા છો? તમે દમ આલુ કે લસણિયા બટાટા કે વેજેટેબલ તુફાનીનો ઓર્ડર કરો છો ? પંદર મિનિટની પ્રતીક્ષા પછી માનો કે દમ આલુ કે લસણીયા બટેટાને બદલે એક પ્લેટમાં માત્ર છાલ ઉતારેલા બાફેલા બટાટા વેઈટર આપી જાય તો?

તમને પીરસવામાં આવેલ શુધ્ધ, સાત્વિક, હર્બલ, ઓર્ગેનિક વાનગી તમારા સુરાહી ( કેટલાકની તો ગીધ કે કાગડા જેવી ગરદન જોક જેવી હોય છે, બોલો.શું બોલે? કંકોડા?)જેવા કમનીય ગરદન નીચે બટાટા ઉતરશે? વેઇટ! વેઈટ. બટાટા પર મીઠું મરચું ભભરાવવાની સરકારની મનાઇ છે! એટલે તમે બટેટાને સ્વાદિષ્ટ કરવા કે સાત્વિક વાનગીને મરચું, મીઠું, મરી નાંખીને તામસી નહીં કરો!!

જૈન કે અન્ય પ્રકારના શાકાહારીઓને પરદેશમાં જમવામાં તકલીફ પડે છે નગરી નગરી દ્વારે દ્વારે ઢુંઢું રે વેજીટેરિયન વાનગીયા? કોઇ એવા દેશમાં પ્રવાસ કરતા હો કે જ્યાં ઇન્ડિયન રેસ્ટોરેન્ટ ન હોય, જ્યાં શાકાહારી વાનગી મળતી ન હોય ત્યાં પનીર કે બાફેલા બટાટા ( મરી મસાલા છાંટેલા!) મળે તો તમને કમને છપ્પનભોગ મળ્યાની વાનગોનુભૂતિ થાય!!

હોટલ રેસ્ટોરેન્ટ ઉદ્યોગ રોકેટ ગતિએ વધી રહ્યો છે, તેને વિકસિત કરવામાં ગૃહિણીઓનું પ્રમાદાત્મક પ્રદાન છે. રવિવારે રસોઇ ન બનાવવી પડે તેવો કૂકરી બ્રેક લઇને આપણે હોટલ કે રેસ્ટોરન્ટમ શરણમ્ ગચ્છામિ કરીએ. જો તમે સમય કરતા પહેલા જીવતા હો અને વહેલા પહોંચી જાવ તો તમે સ્વર્ગ કરતાં અદકેરું ટેબલ પામી શકો. લગભગ રાત્રે આઠ વાગ્યા પહેલા પહોંચો તો જ તમે પ્રતીક્ષા વિના ડીનર પામી શકો. ત્યાર પછી જેટલા મોડા જાવ એટલા તમારા બાર વાગે વાગે ને વાગે જ. એમાં કોઇ મીનમેખ નથી!!

ઘણીવાર તો પાર્ટી બે અઢી કલાક સુધી રાહ જુએ નર્મદ જેવો લડાયક જુસ્સો ડગલું ભર્યું તે ના હતું !! ક્યારેક તો થાય કે ભાઇ કે બહેન આટલા સમયમાં ઘરઘરાઉ રાંધીને ડીનર પતાવી રોટેશન મુજબ વાસણો સાફ કરી ઉંઘી ગયા હોત!!

વરસો પહેલાં આવું જ સમાચારના કિસ્સામાં હતું. ન્યુઝ ચેનલોના આગમન પહેલાં સમાચાર મેળવવા માટે આકાશવાણી કે કે વર્તમાન પત્રોનો આશરો હતો. દૈનિકો સરકાર વિરુદ્ધ હોય કે સરકારી સાંબેલું હોય. આકાશવાણી વાસ્તવમાં સરકારી વાણી બની રહેતી. જેમ સીબીઆઈ સરકારી તોતા છે તો આકાશવાણી સરકારી બુલબુલ બની રહેતું!!તે સમયે સાચા ( હકીકતમાં ચટપટા ) સમાચાર મેળવવા લોકો બીબીસી કે મોસ્કો રેડિયો ટયુન કરતા. ક્યાંક પાનના ગલ્લે કે ચર્ચાના ચોતરે વટભેર કહેતા કે આ સમાચાર બીબીસી પર આવ્યા છે એટલે ખોટા ન હોય.૧૯૭૭માં ઇંદિરા ગાંધી લોકસભાની ચૂંટણી હારી ગયેલા. તેના સમાચાર રાત્રે એક વાગ્યે બીબીસી આ રીતે આવેલા ' ભારત કી પ્રધાનમંત્રી ઇંદિરા ગાંધી અપને નિકટતમ પ્રતિદ્વન્દી રાજ નારાયણ બિસારિયા સે પંચપન હજાર વોટો કે હાર ગઇ હૈ!' આપણા વાજિંત્રોએ બીજા દિવસે બપોરે આ સમાચાર પ્રસારિત કર્યા હતા.આપણા રેડિયો સ્ટેશન મનોરંજનના નામે એવું અગડમબગડમ પિરસતાં હતા, જેની સામાન્યજનને આવશ્યકતા ન હતી. ગીતો સાંભળવાના રસિયા સિલોન રેડિયો ટયુન કરી સવારના સાડા નવ કે દસ સુધી એકએકથી ચડીયાતા હિન્દી ગીતો સાંભળી સવારને ખુશગવારા કે ખુશનુમા કરતા હતા!!

આપણે ત્યાં અલાયદી ન્યુઝ ચેનલ ન હતી. ચોવીસ કલાકની ચેનલ ન હતી. એટલે સારા, સાત્વિક ન્યુઝ વેલ્યુ ધરાવતા સમાચારો આવતા.

હવે ચોવીસ કલાક ન્યુઝ ચેનલ શું પીરસે? ક્યાંક પ્રિન્સ નામનો છોકરો બોરવેલમાં પડી જાય એટલે બે ત્રણ દિવસ ઘટનાસ્થળેથી લાઇવ કવરેજ કરી ગાડું ગબડાવે. ૯/૧૧ ની ઘટના,૨૬/૧૧ ની ઘટના મરી મસાલો ભભરાવીને ભેળની જેમ દર્શકોને ફટકાર રાખે. એમાં કોરોના આવ્યો તો ચેનલો માટે ઘટનાઓનો દુકાળ પૂરો થયો. એક દોઢ વરસ સરસ પસાર થયું.

અત્યારે બે મહીમાંથી રશિયા યુક્રેન યુધ્ધ ચાલું થયું.એમાં ગ્રાફકસની મદદથી યુધ્ધ ક્રિએટ કરાય છે. એક બહુચર્ચિત ચેનલની એંકર યુક્રેનમાં મૃતદેહનાટયમ્ કરતી કરતી સમાચાર આપે છે. સુજ્ઞજનો એની ટીકા કરે છે! ઓશોએ મૃત્યુનો ઉત્તમ મનાવવા કહેલું.ચેનલવાળા તેનો અમલ કરે સરકારે તમામ પ્રાઈવેટ ન્યૂઝ ચેનલોને ખોટા દાવાઓ અને ચકચારી હેડલાઈન્સ થી દૂર રહીને હદમાં રહીને કવરેજ આપવાની સલાહ આપી છે.

આ દરમિયાન વિવિધ મુદ્દાઓ પર ટીવી ચેનલોમાં બિનઅધિકૃત, ભ્રામક, સનસનીખેજ અને અસ્વીકાર્ય ભાષાનો ઉપયોગ સામાજિક વાતાવરણમાં કરવામાં આવ્યો હતો યુક્રેન-રશિયા વિશેના ખોટા દાવાઓ અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓને સતત ખોટી રીતે ટાંકવામાં આવતા સમાચારો સાથે કોઈ લેવાદેવા ન હોવાનું મથાળું આપવામાં આવ્યું હતું, અને પ્રેક્ષકોને ઉત્તેજિત કરવા માટે, પત્રકારો અને ન્યૂઝ એંકરોએ તેમની મનપસંદ, ઉપજાવી કાઢેલી માહિતી પીરસી હતી.ન્યૂઝ ચેનલોએ જહાંગીરપુરી કેસ અને કોમી હિંસા ભડકાવનાર વીડિયો વિશેની હેડલાઇન્સ ચલાવી હતી!! સરકારે સૌને માટે દૂરદર્શનની ન્યુઝ ચેનલ જોવાનું ફરજિયાત કરવું જોઇએ કે જયાં એક જમાનામાં સિમલા મિર્ચ જેવું નાક ધરાવતા શમ્મી નારંગ કે આરોહઅવરોહ વિના સમાચાર પઠન કરતી સલ્મા સુલતાન કે ગૃહિણી જેવી દેખાતી સરલા મહેશ્વરી મીઠા મરચા સિવાયના ફીકાફસ સમાચારોનું વાંચન થતું હતું.

મજાની વાત એ છે કે માહિતી મંત્રાલયનો હવાલો એ સજ્જન પાસે છે ,જેમણે એક પ્રદેશની ચૂંટણીસભામાં દેશના ગદ્દારોને ગોલી મારવા જેવી બાફેલા બટાટા( મીઠું મરચું મરી છાંટ્યા વિનાના)જેવી ફિક્કીફસ હાકલ કરી હતી!ચેનલોને સનસનાટી ફેલાવવા પર પ્રતિબંધ ને નેતાઓને સનસનાટી ધનઘનાટી સર્જવાની છૂટ!!

ભરત વૈષ્ણવ

### ભારત સરકારના માર્ગદર્શન અને સહયોગથી વર્ષ ૨૦૩૦ સુધી મેલેરિયા મુક્ત ગુજરાત નિર્માણનો લક્ષ્ય પ્રાપ્ત કરાશે

# ૨૫ એપ્રિલ : વિશ્વ મેલેરિયા દિવસ - મેલેરિયા મુક્ત ગુજરાતના નિર્માણ નો રાજ્ય સરકારનો નિર્ધાર

રાજયમાં મેલેરિયાના રોગ પ્રત્યે વધુને વધુ જાગૃતિ આવે અને "મેલેરિયા મુક્ત ગુજરાત"ના નિર્માણ માટે રાજયનુ આરોગ્ય વિભાગ સંપૂર્ણ સુસજ્જ છે. ભારત સરકારના માર્ગદર્શન અને સહયોગથી વર્ષ ૨૦૩૦ સુધી મેલેરિયા મુક્ત ગુજરાત નિર્માણનો લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે આરોગ્ય વિભાગ દ્વારા સઘન આયોજન હાથ ધરાયું છે.



પ્રતિવર્ષ ૨૫ એપ્રિલ વિશ્વ મેલેરિયા દિવસ તરીકે ઉજવાય છે આ વર્ષની થીમ 'વૈશ્વિક મેલેરિયા રોગનું પ્રમાણ ઘટાડવા અને જીવન બચાવવા માટે નવીનતમ સંવાદ હાથ ધરીએ" નિયત કરાઈ છે ત્યારે મેલેરિયા અગે જાગૃતિ કેળવી આપણે સૌ સહિયારા પ્રયાસથી મેલેરિયા મુક્ત રાજયનું નિર્માણ કરીએ.

આરોગ્ય વિભાગ દ્વારા શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દ્વારા સઘન ઇન્ટ્રા અને પેરીડોમેસ્ટિક કામગીરી, પોરાનાશક કામગીરી, ફિવર સર્વેલન્સ, અને IP દ્વારા લાર્વાનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરાશે, તથા બાંધકામ સાઈટની તપાસ, મજૂરોનું બ્લડ સ્ક્રીનીંગ કરાશે, તેમજ જનજાગૃતિ ફેલાય તે માટે શેરી નાટક, રેલી, માઈકીંગ અને પપેટ શોનું આયોજન કરાશે, સોશ્યલ મીડિયાના માધ્યમથી પણ જનજાગૃતિનો પ્રયાસ કરાશે. શહેરમાં LED ડિસ્પ્લે પર જાગૃતિ લાવવા વીડિયો પ્રસારણ કરાશે.

રાષ્ટ્રિય મેલેરિયા નિયંત્રણ કાર્યક્રમ:

બીજા વિશ્વયુદ્ધ પછી જાહેર આરોગ્ય સેવાઓમાં મેલેરિયા નિયંત્રણ માટે ડી.ડી.ટી.નો ઉપયોગ થવા લાગ્યો. આપણા દેશના ગ્રામીણ વિસ્તારોમાં ડી.ડી.ટી.ના છંટકાવના સારા પરિણામ મળવા લાગ્યા જેના કારણે મેલેરિયાના કેસોના પ્રમાણમાં પણ ચમત્કારિક રીતે ઘટાડો નોંધાયો તેની સાથે સાથે ભારતમાં કૃષિ અને વિવિધ ક્ષેત્રના ઉત્પાદન વૃદ્ધિ થતી જણાઈ હતી. આ પરિણામને લક્ષમાં લઈને વિશ્વ આરોગ્ય સંસ્થાએ ૧૯૫૫માં ભારતમાં મેલેરિયા નાબુદી કાર્યક્રમ માટે ભલામણ કરી હતી.

રાષ્ટ્રિય મેલેરિયા નાબૂદી કાર્યક્રમ :

ભારતમાંથી મેલેરિયાને જડમૂળથી નાબૂદ કરવા ભારત દેશની પૂરી જનસંખ્યા અને દેશના દરેક ભાગને સામેલ કરી શકાય તે હેતુથી રાષ્ટ્રિય મેલેરિયા નાબૂદી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો અને એ દ્વારા માનવ સમૂહમાંથી મેલેરિયા પરોપજીવી શોધી કાઢી સારવારથી આ પરોપજીવીને સદંતર દૂર કરવા જેથી મચ્છરની હાજરી ભલે હોય પણ મેલેરિયા ફરી ફેલાય નહીં તે માટેનો ઘનિષ્ઠ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. જો કે રાષ્ટ્રિય મેલેરિયા નાબૂદી કાર્યક્રમને શરૂઆતમાં ઘણી સફળતા મળી હતી પરંતુ ભારત ઉપરાંત અન્ય દેશોમાં પણ કેટલાક વિસ્તારોમાં મેલેરિયાનો ફરીથી ઉપદ્રવ થતાં ભારતમાં ૧૯૬૫ માં મેલેરિયાના કેસોની સંખ્યા ઘટીને એક લાખ થઇ હતી તે વધીને ૧૯૭૬માં ૬૪ લાખ સુધી પહોંચી હતી.

મેલેરિયા કેવી રીતે ફેલાય છે?

મેલેરિયા એનોફિલીસ નામના મચ્છયર દ્વારા એક વ્યમકિતમાંથી બીજી વ્યહકિતમાં ફેલાતો રોગ છે. એનોફિલીસ માદા મચ્છીર મેલેરિયાના દર્દીને કરડે ત્યાયરે પરોપજીવી જંતુને લોહી સાથે ચૂસી લે છે અને ત્યારબાદ તંદુરસ્તછ વ્યલકિતને કરડે ત્યાૃ તેને મેલેરીયાનો ચેપ લાગે છે અને તંદુરસ્ત વ્યલકિતને મેલેરિયા થાય છે.

મચ્છરની ઉત્પતિ:-

મચ્છર ચોખ્ખા પાણીમાં અને ગંદા પાણીમાં વગેરેમાં પેદા થાય છે. જો આવી જગ્યાઓમાં પાણી ન ભરાયું હોય તો ઉત્પત્તિ થતી નથી. મચ્છર પાણીમાં ઈડાં મૂકે છે. ઈડામાંથી પોરા થાય છે. પોરામાંથી કોશેટો બને છે. કોશેટોમાંથી મચ્છર બહાર આવે છે. મચ્છરના જીવનચક્રના ચાર તબક્કાઓ-ઈડાં-પોરા-કોશેટો –પુખ્ત મચ્છર છે.

મેલેરિયાના મચ્છરો કયાં રહે છે?

મેલેરિયાના મચ્છરો ઘરો અને પશુઓના તબેલામાં રહે છે. પોતાની જાતિની આદત અનુસાર તેઓ ઘરમાં કે ઘરની બહાર આરામ ફરમાવતા હોય છે. આ મચ્છરો આરામ કરવા માટે અંધારી અને છાંયો આપતી જગ્યાઓ, જેમ કે ટેબલની નીચે, પરદાની પાછળ વગેરેને પસંદ કરે છે.

મેલેરિયાના મચ્છરો ક્યારે કરડે છે?

મેલેરિયાના મચ્છરો મોટા ભાગે સાંજે કરડવાનું શરૂ કરે છે અને આખી રાત કરડતા રહે છે.

મચ્છર કઇ રીતે ચેપગ્રસ્ત બને છે?

મચ્છર જયારે ચેપી રોગથી ગ્રસ્ત દર્દીને કરડે છે ત્યારે તે પોતે ચેપગ્રસ્ત થઇ જાય છે અને આવા મચ્છરો પછી આખી જિંદગી ચેપગ્રસ્ત જ રહે છે.

મેલેરિયાના મચ્છરો ક્યાં પેદા થાય છે?:-

મેલેરિયાના મચ્છરો જમા થયેલા ચોખ્ખાં પાણી કે ધીમે ધીમે વહેતાં પાણી, તળાવોના કિનારે, નદીના કિનારે, સિંચાઇના સ્રોતો, અનાજનાં ખેતરો, કુવાઓ, ધીમે ધીમે વહેતી નદીઓના રેતાળ કિનારાઓ વગેરેમાં પેદા થાય છે.

ઘરમાં કે ઘરની આજુબાજુ જયાં પણ પાણી ભરાતું હોય જેમ કે કુલડીઓ, છત પરની ખુલ્લી ટાંકીઓ, પશુઓ માટે પાણી પીવાના હવાડા, વગેરેમાં પણ મેલેરિયા ફેલાવતા મચ્છરો પેદા થાય છે.

યાદ રાખોઃ- ચોમાસામાં વરસાદ પછી મચ્છર ઉત્પત્તિ સ્થાનોમાં વૃધ્ધિ થતા મચ્છરની સંખ્યામાં વધારો થાય છે.

મેલેરિયાના ચિન્હો :

મેલેરિયાના દર્દીને સખત ઠંડી લાગે છે. ધ્રુજારી આવે જે અડધો કલાકથી બે કલાક ચાલે છે ત્યારરબાદ ૮ થી ૧૨ કલાક તીવ્ર તાવ આવે છે. તાવ એક દિવસના આંતરે આવે અથવા દરરોજ આવે. માથું દુઃખે, શરીર દુઃખે, કળતર થાય, ઉલટી થાય, ઉબકા આવે, તાવ ઉતરે ત્યારે ખુબ પરસેવો વળે.

સારવાર :

શંકાસ્પદ તમામ મેલેરિયા કેસો જેનું નિદાન ૨૪ કલાકમાં ન થાય તો મેલેરિયાના નિદાન માટે રેપિડ ડાયગ્નોસ્ટીક કિટથી પણ કરી શકાય તેમ છે. માઈક્રોસ્કો પી પરિક્ષણમાં મેલેરિયા માલુમ પડે તો આરોગ્યડ કાર્યકરની સલાહ મુજબ મેલેરિયાની સારવાર લેવી. વાયવેક્ષ પ્રકારના મેલેરિયાની સારવાર માટે ઉંમર પ્રમાણે કલોરોક્વિન અને પ્રિમાક્વિન ૧૪ દિવસ સુધી આપવામાં આવે છે જયારે ફાલ્સિપેરમ પ્રકારના મેલેરિયા માટે છઝ્ર અને પ્રીમાકિવન આપવામાં આવે છે.

આ સાવચેતીઓ મેલેરિયા સામે રક્ષણ આપશે

મેલેરિયા ફેલાવતા એનોફિલીસ મચ્છરો ચોખ્ખા અને બંધીયાર પાણીમાં પેદા થાય છે.

મચ્છર ઉત્પત્તિ અટકાવવા પાણી સંગ્રહના પાત્રો હવાચુસ્ત રીતે ઢાંકીને રાખો.

ઘરની આજુ-બાજુ પાણીના નાના ભરાવા વહેવડાવી દો કે માટીથી પુરાણ કરો.

પાણીના મોટા ભરાવામાં પોરાનાશક ગપ્પી માછલીઓ અવશ્ય મુકાવો.

મચ્છરોથી બચવા માટે ઘરમાં જંતુનાશક દવાનો છંટકાવ કરાવો.

બારી બારણાઓમાં મચ્છર જાળીઓ લગાવો.

મચ્છર વિરોધી ક્રીમ ત્વચા પર લગાડી માનવ મચ્છરનો સંપર્ક ઘટાડો.

વહેલી સવારે અને સંધ્યાકાળે ઘરના બારી બારણા એક કલાક માટે બંધ રાખો.

જંતુનાશકદવાયુક્ત મચ્છરદાનીમાં જ સુવાનું રાખો.

નાના બાળકો અને સગર્ભા માતાઓએ સુવા માટે જંતુનાશક મચ્છરદાનીનો નિયમિત ઉપયોગ કરવો.

તાવ આવે ત્યારે લોહીની તપાસ અવશ્ય કરાવો.

મેલેરિયાના લક્ષણો જણાય તો તરતજ તબીબી સારવાર લો.

મેલેરિયાથી બચવાનો એક જ ઉપાય વહેલું નિદાન અને સંપૂર્ણ સારવાર.

સરકારી દવાખાના/હોસ્પિટલોમાં નિદાન અને સારવાર મફત કરવામાં આવે છે.

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાષ્ટ્રિય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અન્વયે મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા રોગોના નિયંત્રણ અને અટકાયત તેમજ ફાઈલેરિયાના ઉન્મૂલનની પ્રવૃત્તિઓનો અમલ કરવામાં આવે છે. મેલેરિયા અંગે થયેલ મુખ્ય કામગીરી અને આગામી આયોજનમાં મેલેરિયાના કેસોનું રાજય સરકારની ઔષધસૂચિ મુજબ નિદાન અને સારવાર મફતમાં આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧માં મેલેરિયા સર્વેલન્સ હેઠળ આવરવાની થતી વસ્તીના વાર્ષિક ૧૮% ના લક્ષ્યાંકની સામે ૨૦.૩૯% વસ્તીને આવરી લીધેલ છે અને ચાલુ વર્ષે પણ ૨૦% થી વધુ વસ્તીને આવરી લેવામાં આવનાર છે. દર હજારની વસ્તીએ મેલેરિયા કેસનું પ્રમાણ ૧ થી નીચે રાખવામાં સફળતા મળેલ છે. જે સતત અને સઘન કામગીરી કરી મેલેરીયા નિર્મૂલન સુધી લઇ જવાનું લક્ષાંક છે. વર્ષ ૨૦૨૧ દરમ્યાન મેલેરિયા માટે સંવેદનશીલ ૪૩૧ ગામોની ૫૯૭ લાખ વસ્તીને જંતુનાશક દવાના છંટકાવ હેઠળ આવરી લેવામાં આવેલ છે જયારે વર્ષ ૨૦૨૨ દરમ્યાન ૩૯૧ ગામોની ૫૦૯ લાખ વસ્તીને તારીખ ૧૬.૦૫.૨૨ થી શરુ થતી છંટકાવ કામગીરી હેઠળ આવરી લેવાનું આયોજન છે. વર્ષ ૨૦૨૧ દરમ્યાન મેલેરિયા માટે સંવેદનશીલ ગામોમાં ૬.૯૭ લાખ જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીનું વિતરણ કરેલ છે.



ચુંવાળ વાલમ બ્રાહ્મણ યુવક મંડળની જનરલ સભા વાઘેશ્વરી ધામ ઓગણજ મુકામે યોજાઈ હતી જેમાં સંસ્થા ના પ્રમુખ સુધીર વ્યાસ (દેકાવાડા) તથા રાજેન્દ્રપ્રસાદ શાસ્ત્રી પ્રવીણભાઈ મહેતા અર્બુદા નગર સુરેશભાઈ જોશી અનિલકુમાર વ્યાસ નિર્ણયનગર તથા સુધીર મહેતા એડવોકેટ તથા લક્ષ સંસ્થા ના હોદેદારો ઉપસ્થીત રહ્યા હતા. આ પ્રસંગે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

## સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત યુનિસેફની ટીમે દાહોદની મુલાકાત લીધી



સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત યુનિસેફ વોટર સેનિટાઈઝેશન એન્ડ હાઈઝીન ટીમે લીમડી ગ્રામ પંચાયતની મુલાકાત લીધી હતી. તેમજ આ સંદર્ભે થયેલી વિવિધ કામગીરીનું રૂબરૂ નિરીક્ષણ કર્યું હતું. તેમજ આગામી સમયમાં કરવાની થતી ઘન કચરા વ્યવસ્થાપન અને પ્રવાહી કચરા વ્યવસ્થાપનના આયોજન બાબતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સાથે બેઠક યોજવામાં આવી હતી.

તસવીર અભેસિંહ રાવલ દાહોદ

## મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ૧૪મો 'ગૌરવવંતા ગુજરાતી' એવોર્ડ સમારંભ યોજાયો



અમદાવાદ ખાતે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ૧૪મો 'ગૌરવવંતા ગુજરાતી' એવોર્ડ સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતીઓ સમગ્ર વિશ્વભરમાં છવાયેલા છે, કોઈ ક્ષેત્ર એવું નહીં હોય જયાં ગુજરાતીઓ અવ્વલ નહીં હોય. વધુમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ફિલ્મ અને ટૂરિઝમ ક્ષેત્રમાં ગુજરાત આજે નવી ઊંચાઈઓ પર આંબી રહ્યું છે. આજે ગુજરાતમાં અનેક પ્રવાસન સ્થળો પર વિકાસ થઈ રહ્યો છે. સાથે સાથે ગુજરાતના પ્રાકૃતિક સ્થળો પણ આહલાદક છે. જેના કારણે ગુજરાત આજે ઓલ રાઉન્ડ ટૂરિઝમ ક્ષેત્ર બન્યું છે. મુખ્યમંત્રીશ્રી એ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત આજે ફિલ્મ જગત માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે. આજે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે ત્યારે આપણે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની દિશામાં આગળ વધીએ. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ફિલ્મ અને પ્રવાસનના ક્ષેત્રમાં આપણે વધુ ઊંચાઈ પર પહોંચીએ તેવી રાજય સરકારની નેમ છે, અને વધુમાં વધુ ફિલ્મોનું નિર્માણ થાય તે માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. અંતમાં તેમણે કહ્યું કે, આજે આપણે સૌ સાથે મળીને ગુજરાતની ગૌરવયાત્રા માં જોડાઈએ.

આ પ્રસંગે પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા ટાઈગર શ્રોફ અને અભિનેત્રી તારા સુતરિયાઉપરાંત ગુજરાતી ફિલ્મના નામાંકિત અભિનેતાઓ, અભિનેત્રીઓ, ગાયક કલાકારો તથા કલાજગત સાથે જોડાયેલા ખ્યાતનામ લોકો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

## રાજયના મુખ્યમંત્રીશ્રીની પ્રરેક ઉપસ્થિતિમાં પૂના ઈન્ટરનેશનલ સ્કુલનો વાર્ષિક ઉત્સવ યોજાયો

### રાજયના મુખ્યમંત્રીશ્રીએ બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલા મંત્રમુગ્ધ કરી દેવા સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યા

પૂના ઈન્ટરનેશનલ સ્કૂલ, ઝુંડાલનો આજે વાર્ષિક ઉત્સવ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રરેક ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બાળકો દ્વારા રજુ કરવામાં આવેલ શિવ સ્તુતિ અને અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ બાળકો દ્વારા રજુ કરવામાં આવેલ મંત્રમુગ્ધ કરી દે તેવા સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળી તેમનું અભિવાદન પણ કર્યું હતું.

આ પ્રસંગે શાળા પરિવારના વડીલશ્રી શાસ્ત્રી સ્વામી પુરષોત્તમદાસ ચરણદાસજીએ મુખ્યમંત્રીશ્રીનું પુષ્પ ગુચ્છ અને મોમેન્ટો આપી સન્માન કર્યું હતું. આ પ્રસંગે અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, ગાંધીનગર (દક્ષિણ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર શ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જશવંતભાઈ પટેલ, જગન્નાથ મંદિરના મહંત શ્રી દિલીપદાસજી સહિત અનેક સ્થાનિક અગ્રણીઓ વાલીઓ અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ૫૧ નવયુગલોને આશીર્વચન અને નવજીવનની શુભેચ્છા આપી

## ગાંધીનગર જિલ્લાના ટીંટોડા ખાતે રબારી સમાજના પ્રથમ સમૂહ લગ્નોત્સવમાં મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત રહ્યા

ગોરસ ગાંધીનગર, જિલ્લા રબારી સમાજ સમૂહલગ્ન સમિતિ દ્વારા આયોજિત પ્રથમ સમૂહ લગ્નોત્સવમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

રબારી સમાજના આગેવાનોએ મુખ્યમંત્રીશ્રીનું ભવ્ય સન્માન પાઘડી અને ગુલાબનો મોટો હાર પહેરાવીને પહેરાવીને તથા સ્મૃતિ ચિહન આપીને કર્યું હતું. કેસરી ખેસ ઓઢાડી રબારી સમાજના સંતોએ પણ તેમનું સન્માન-અભિવાદન કર્યું હતું.



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રબારી સમાજના ૫૧ નવયુગલોને દાંપત્ય જીવનની શુભેચ્છા અને આશીર્વાદ આપ્યા હતા.તેમણે રબારી સમાજના આગેવાનો, દાતાઓ તેમજ આયોજન સમિતિના હોદ્દેદારોને સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવા માટે અભિનંદન આપ્યા હતા. તેમણે આ પ્રસંગે જણાવ્યું હતું કે,દરેક સમાજને સાથે રાખી ગુજરાત સરકાર આગળ સૌના સાથ,સૌના વિકાસ ,સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસથી આગળ વધી રહી છે. સૌ સાથે મળી ગુજરાતનો વધુ વિકાસ કેવી રીતે થઇ શકે એ માટે વિચારીએ અને પ્રયત્ન કરીએ એવી અભ્યર્થના પણ તેમણે વ્યક્ત કરી હતી. પ્રત્યેક નવ યુગલોને ઘરવખરીની રૂ.પાંચ લાખથી વધુની રકમ ભેટ સોગાદો આપવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, સંતો-મહંતો, રબારી સમાજના રાજકીય-સામાજિક આગેવાનોઅને ૨૫૦૦૦થી વધુ લોકો સમૂહ લગ્નમાં ભાગ લઈ નવ દંપતીને શુભેચ્છા આપી હતી.

## દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય પંચાયતરાજ દિવસની ઉજવણી કરવામાં આવી

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત દાહોદ જિલ્લામાં આજે રાષ્ટ્રીય પંચાયતરાજ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. નાયબ વિકાસ કમિશનર વસૈયાની ઉપસ્થિતિમાં આ ઉજવણી કરાઇ હતી. જિલ્લાના ૫૫૭ પંચાયત ખાતે આ અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો.




જેમાં ખરેડી ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ સંદર્ભે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સંબોધનનું જીવંત પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. આ ઉપરાંત પશુ કેમ્પ હેઠળ ખરવા મોવાસા રસીકરણના કેમ્પનું આયોજન કરાયું હતું. તેમજ શાળાઓ ખાતે ૭૫ વૃક્ષોનું વૃક્ષારોપણ કરાયું હતું. તેમ નાયબ જિલ્લા વિકાસ અધિકારી ડો. કમલેસ ગોસાઈએ માહિતી આપતા જણાવ્યું છે.

તસવીર અભેસિંહ રાવલ દાહોદ

## અમદાવાદ ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ સંદર્ભે યોજાયેલા લોકડાયરામાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિ

અમદાવાદના શહેરના ગોતા ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ સંદર્ભે લોકડાયરામાં મુખ્યમમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતા. આ અવસરે મુખ્યમંત્રીશ્રી એ જણાવ્યું હતુ કે, શહેરના ગોતા વિસ્તારમાં કોરોના મહામારીમાં સ્વર્ગસ્થ જીવાત્માના મોક્ષાર્થે શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન થયું તે ખૂબ સારી વાત છે.




મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત લોકોને સંબોધતા જણાવ્યું હતું કે, આપ સૌના આશીર્વાદથી જ હું જનપ્રતિનિધિ બન્યો અને ત્યારબાદ મુખ્યમંત્રી પદનું કર્તવ્ય નિભાવવાની જવાબદારી પણ. હું પહેલાએક જનપ્રતિનિધિ છું અને મુખ્યમંત્રી તરીકે આખા ગુજરાતની જવાબદારી પણ છે એ દૃષ્ટિએ ગુજરાત આખું મારું પરિવાર છે.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતુ કે, આપણા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ કામ કરવાનો મોકો મળ્યો તેનો મને ગર્વ છે. ચૂંટણીના આ વર્ષમાં આપણે સૌ પરિવારની જેમ કામ કરીએ અને આદરણીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ફરીથી ગુજરાત વિજયી બને એમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે ધર્મ પ્રેમી લોકો ઉપરાંત સ્થાનિક રહીશો વગેરે ઉપસ્થિત રહ્યા હતા...

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.